RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 257 Dt. 2-04-2025 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT




# ડીસામાં મોતનું તાંડવ ફટાકડાની ફેક્ટરીમાં આગ

## વડાપ્રધાને દુર્ઘટના અંગે વ્યકત કર્યુ દુઃખ, સરકારે ૪ લાખ રૂપિયાની સહાયની કરી જાહેરાત, એક આરોપી ઝડપાયોઃ SITની કરાઈ રચના

## 21 થી વધુ પરિવારોના ‘ચિરાગ’ને બુઝાવતો ‘દિપક’





રાજકોટ, તા. ૧

ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના ડીસા શહેરમાં મંગળવારે સવારે ફટાકડાના ગોડાઉનમાં ભીષણ આગ લાગવાથી ઓછામાં ઓછા ૧૭ લોકોના મોત થયા છે અને પાંચ લોકો ઘાયલ થયા છે. આ ઘટના સવારે ૯:૩૦ વાગ્યાની આસપાસ બની હતી જયારે દીપક ફટાકડા ફેક્ટરીમાં ઘણા કામદારો હાજર હતા. બનાસકાંઠાના પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણાએ પુષ્ટિ આપી હતી કે, કુલ ૨૧થી વધુ લોકોના મોત થયા છે, પાંચ ઘાયલ થયા છે. અમારું માનવું છે કે પરિસરમાં અન્ય કોઈ બચ્યું નથી પરંતુ અગ્નિશામક કામગીરી ચાલુ છે. ઘાયલોને દાઝી જવાની ઈજાઓ થઈ છે પરંતુ સ્થાનિક હોસ્પિટલમાં તેમની સ્થિતિ સ્થિર હોવાનું કહેવાય છે.‘‘

છ કલાકથી વધુ સમય પછી પણ આગ ભભૂકી રહી હતી અને દેસા, પાલનપુર અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડના ફાયર ફાઈટરો ખૂબ જ જ્વલનશીલ સામગ્રી ધરાવતા વેરહાઉસમાં લાગેલી આગને કાબુમાં લેવાનો પ્રયાસ કરી રહ્યા હતા. ગુજરાત રાજ્ય ફાયર સર્વિસના અધિકારીઓએ જણાવ્યું હતું કે ગાંધીનગર ઝોનના પ્રાદેશિક ફાયર ઓફિસર દીક્ષિત પટેલ પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા અને જરૂર પડ્યે વધારાના અગ્નિશામક સંસાધનો અને માનવશક્તિ તૈનાત કરવાની વિનંતી કરવા માટે ડીસા પહોંચ્યા .

વિસ્ફોટને કારણે ભારે આગ લાગી હતી, જેના કારણે વિસ્તારમાં વ્યાપક ગભરાટ ફેલાયો હતો કારણ કે કટોકટી કર્મચારીઓ આગને કાબુમાં લેવા અને બચી ગયેલા લોકોને શોધવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા. કાટમાળ નીચે ફસાયેલા. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે અનેક વિસ્ફોટ થયા હતા, વિસ્ફોટોની તીવ્રતા એટલી હતી કે ફેક્ટરીની છત તૂટી પડી હતી અને ઘણા કામદારો અંદર ફસાઈ ગયા હતા. ડીસા નગરપાલિકાના ફાયર બ્રિગેડ અને ૧૦૮ ઈમરજન્સી સેવાઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા કારણ કે આગ ફેક્ટરીને ઘેરી લીધી હતી, જેના કારણે બચાવ કામગીરી મુશ્કેલ બની હતી.

શરૂઆતના અહેવાલો અનુસાર, એક જોરદાર વિસ્ફોટ સંભળાયો હતો, જેના કારણે ઈમારત તરત જ ધરાશાયી થઈ ગઈ હતી, જેમાં ઘણા કામદારો ફસાઈ ગયા હતા. ઘાયલોને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ડીસા સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ નેહા પંચાલે જણાવ્યું હતું કે, ‘‘હાલમાં છ લોકો સારવાર હેઠળ છે, જેમાંથી ત્રણ લોકો ૪૦ ટકાથી વધુ ગંભીર રીતે દાઝી ગયા છે.‘‘ તેમણે કહ્યું કે અધિકારીઓ હજુ પણ મૃતકોની સંખ્યાનું મૂલ્યાંકન કરી રહ્યા છે. આ વિસ્ફોટ દીપક ટ્રેડર્સ નામની ફટાકડા બનાવતી ફેક્ટરીમાં થયો હતો.

પ્રારંભિક અહેવાલો સૂચવે છે કે વિનાશક આગ અત્યંત જ્વલનશીલ પદાર્થોના અનિયંત્રિત વિસ્ફોટને કારણે લાગી હતી. આ ફેક્ટરી ખુબચંદ સિંધીની માલિકીની છે, જેમણે કથિત રીતે ફટાકડા બનાવવા માટે કાચા વિસ્ફોટકો મેળવ્યા હતા. અધિકારીઓ હવે તપાસ કરી રહ્યા છે કે શું ફેક્ટરી પાસે જોખમી પદાર્થોના સંચાલન અને સંગ્રહ માટે જરૂરી લાઈસન્સ હતા. અધિકારીઓએ સુવિધામાં સલામતીના પગલાં અને યોગ્ય નિયમો હેઠળ કામ કરવા અંગે ચિંતા વ્યક્ત કરી છે.

આગ પર કાબુ મેળવવા અને ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે બચાવ ટીમો કામ કરી રહી છે, ત્યારે નાયબ મામલતદાર અને મુખ્ય અધિકારી સહિત સ્થાનિક અધિકારીઓ રાહત પ્રયાસોનું નિરીક્ષણ કરવા માટે ઘટનાસ્થળે પહોંચી ગયા છે. પોલીસે વિસ્તારને ઘેરી લીધો છે અને ફોરેન્સિક નિષ્ણાતો વિસ્ફોટના કારણની તપાસ કરી રહ્યા છે. અત્યાર સુધી અધિકારીઓએ વિસ્ફોટ સમયે હાજર કામદારોની ચોક્કસ સંખ્યાની પુષ્ટિ કરી નથી, અને ન તો તેમણે જણાવ્યું છે કે કેટલા કામદારો સફળતાપૂર્વક ભાગી શક્યા.

### SITના સભ્યો

સી.એલ.સોલંકી (ડી.વાય.એસ.પી ડીસા)
વી.જી.પ્રજાપતિ (પી.આઈ. ડીસા રૂરલ-પોલીસ સ્ટેશન)
એ.જી.રબારી (પી.આઈ. એસ.ઓ.જી.બનાસકાંઠા)
એન.વી.રહેવર (પી.એસ.આઈ., પેરોલ સ્કવોર્ડ બનાસકાંઠા)
એસ.બી.રાજગોર (પી.એસ.આઈ. એલ.સી.બી.બનાસકાંઠા)

### મૃતકોના નામ

રાકેશભાઈ સત્યનારાયણભાઈ નાયક (હંડિયા)
સુરેશભાઈ અમરસિંહ નાયક (હંડિયા)
વિજયભાઈ નાયક (ઉ.૨૩ હંડિયા)
વિષ્ણુભાઈ સત્યનારાયણભાઈ નાયક (હંડિયા)
ધનરાજભાઈ સંતોષભાઈ નાયક (હંડિયા)
દલીબેન રાકેશભાઈ નાયક
કિરણબેન રાકેશભા નાયક
લખન ગંગારામભાઈ નાયક
મેહુલભાઈ શંકરભાઈ લુહાર
ગુડીબાઈ અમરસિંહ



# વકફ બિલ આજે સંસદમાં




## વિપક્ષી નેતાઓએ સ્પષ્ટ કર્યુ છે કે આવા બિલથી મુસ્લિમ પક્ષની શક્તિ ઓછી થશે અને વકફ પર સરકારી નિયંત્રણ વધશે

નવીદિલ્હી, તા. ૧

કેન્દ્ર સરકાર બુધવારે સંસદમાં વકફ સુધારા બિલ રજૂ કરવા જઈ રહી છે. સરકારનું કહેવું છે કે આના દ્વારા તે વકફ સંબંધિત મિલકતોનું વધુ સારું સંચાલન સુનિશ્ચિત કરશે. જોકે, આ બિલનો દેશભરમાં વિરોધ થઈ રહ્યો છે. વિપક્ષી નેતાઓએ સ્પષ્ટ કર્યું છે કે આવા બિલથી મુસ્લિમ પક્ષની શક્તિ ઓછી થશે અને વકફ પર સરકારી નિયંત્રણ વધશે. વકફ એ કોઈપણ જંગમ અથવા સ્થાવર મિલકત હોઈ શકે છે, જેને ઈસ્લામનું પાલન કરતી કોઈપણ વ્યક્તિ ધાર્મિક હેતુઓ માટે દાન કરી શકે છે. આ દાનમાં આપેલી મિલકતનો કોઈ માલિક નથી. આ દાનમાં મળેલી મિલકતનો માલિક અલ્લાહને માનવામાં આવે છે. પરંતુ, તેને ચલાવવા માટે કેટલીક સંસ્થાઓ બનાવવામાં આવી છે.

વકફ કરવાની વિવિધ રીતો હોઈ શકે છે. ઉદાહરણ તરીકે, જો કોઈ વ્યક્તિ પાસે એક કરતાં વધુ ઘર હોય અને તે તેમાંથી એકને વકફ બનાવવા માંગે છે, તો તે પોતાના વસિયતનામામાં એક ઘર વકફ માટે દાન કરવા વિશે લખી શકે છે. આવી સ્થિતિમાં, સંબંધિત વ્યક્તિનો પરિવાર તેના મૃત્યુ પછી તે ઘરનો ઉપયોગ કરી શકશે નહીં. વકફ મિલકતનું સંચાલન કરતી સંસ્થા તેનો ઉપયોગ સામાજિક કાર્ય માટે કરશે. તેવી જ રીતે, શેરથી લઈને ઘર, મકાન, પુસ્તકોથી લઈને રોકડ સુધી કંઈપણ વકફેડ થઈ શકે છે.

૧૮ વર્ષથી વધુ ઉંમરનો કોઈપણ મુસ્લિમ વ્યક્તિ પોતાના નામે કોઈપણ મિલકત વકફ કરી શકે છે. તેમનો પરિવાર કે અન્ય કોઈ વ્યક્તિ વકફ મિલકત પર દાવો કરી શકશે નહીં.

વકફ મિલકતોનું સંચાલન કરવા માટે વકફ બોર્ડ છે. આ સ્થાનિક અને રાજ્ય સ્તરે રચાય છે. ઉત્તર પ્રદેશ, બિહાર જેવા રાજ્યોમાં પણ અલગ શિયા અને સુન્ની વકફ બોર્ડ છે. રાજ્ય સ્તરે રચાયેલા વકફ બોર્ડ આ વકફની મિલકતોની દેખરેખ રાખે છે. મિલકતોની જાળવણી, તેમાંથી થતી આવક વગેરેનું ધ્યાન રાખવામાં આવે છે.

કેન્દ્રીય સ્તરે, કેન્દ્રીય વકફ કાઉન્સિલ રાજ્યોના વકફ બોર્ડને માર્ગદર્શિકા પૂરી પાડવાનું કામ કરે છે. દેશભરમાં બનેલા કબ્રસ્તાનો વકફ જમીનનો ભાગ છે. દેશના તમામ કબ્રસ્તાનો વકફ દ્વારા જાળવવામાં આવે છે.

દેશભરમાં લગભગ ૩૦ સ્થાપિત સંસ્થાઓ છે જે તે રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાં વકફ મિલકતોનું સંચાલન કરે છે. આ સંસ્થાઓ વકફ બોર્ડ તરીકે ઓળખાય છે. ભારતમાં ૩૦ વકફ બોર્ડ છે, જેમાંથી મોટાભાગના રાજ્યોની રાજધાનીઓમાં મુખ્ય મથકો છે.

બધા વકફ બોર્ડ વકફ એક્ટ ૧૯૯૫ હેઠળ કાર્ય કરે છે. ભારતીય વકફ એસેટ મેનેજમેન્ટ સિસ્ટમ અનુસાર, વકફ બોર્ડ મુસ્લિમોના ધાર્મિક, સામાજિક અને આર્થિક જીવન સાથે સંકળાયેલા છે. તેઓ ફક્ત મસ્જિદો, દરગાહ, કબ્રસ્તાન વગેરેને જ મદદ કરતા નથી, પરંતુ તેમાંથી ઘણા શાળાઓ, કોલેજો, હોસ્પિટલો, દવાખાનાઓ અને મુસાફિરખાનાઓને પણ મદદ કરે છે જે સામાજિક કલ્યાણ માટે બનાવવામાં આવ્યા છે.

વકફ એસેટ મેનેજમેન્ટ સિસ્ટમ ઓફ ઈન્ડિયા અનુસાર, દેશમાં કુલ ૩,૫૬,૦૪૭ વકફ મિલકતો છે. આમાંથી, સ્થાવર મિલકતોની કુલ સંખ્યા ૮,૭૨,૩૨૪ છે અને જંગમ મિલકતોની કુલ સંખ્યા ૧૬,૭૧૩ છે. ડિજિટલ રેકોર્ડની સંખ્યા ૩,૨૯,૯૯૫ છે.

### સરકાર દ્વારા રજૂ કરાયેલ વકફ સુધારા બિલ શું છે?

છેલ્લા ઘણા દિવસોથી ચર્ચા ચાલી રહી હતી કે સરકાર વકફ બોર્ડમાં સુધારા સંબંધિત બિલ સંસદમાં રજૂ કરી શકે છે. કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ ૮ ઓગસ્ટના રોજ લોકસભામાં વકફ (સુધારા) બિલ, ૨૦૨૪ અને મુસ્લિમ વકફ (૨દ) બિલ, ૨૦૨૪ રજૂ કર્યા હતા. જોકે, બાદમાં તેને JPCમાં મોકલવામાં આવ્યું હતું. આ બિલ વર્તમાન કાયદામાં દૂરગામી ફેરફારોની વાત કરે છે. આમાં કેન્દ્રીય અને રાજ્ય વકફ બોર્ડમાં મુસ્લિમ મહિલાઓનું પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવાનો પણ સમાવેશ થાય છે. આ સાથે, કોઈપણ ધર્મના લોકો તેની સમિતિઓના સભ્ય બની શકે છે. આ કાયદામાં છેલ્લે ૨૦૧૩ માં સુધારો કરવામાં આવ્યો હતો.

બુલાતી હૈ પર જાને કા નહિ...ફોનમાં વાતચીત કરી લલચાવ્યા, હોટલમાં બોલાવ્યા, સહમતિથી બધુ કર્યુ પછી કર્યા બ્લેકમેઈલ

# અથાણાના વેપારીને જાળમાં ફસાવી અંકિતાએ પડાવ્યા દસ લાખ

## હોટેલમાંથી બંને નીકળ્યા બાદ બે શખ્સે વેપારીને આંતર્યાઃ એક કહ્યું-હું આનો પતિ છું, તને દૂષ્કર્મમાં ફસાવવો પડશેઃ ડરાવી લાખો ઉસેડ્યાઃ વધુ માંગણી ચાલુ રહેતાં અંતે પોલીસને જાણ કરાઈઃ યુવતિ સહિત બે દબોચાયા



રાજકોટઃ બુલાતી હૈ પર જાને કા નહિ આ વાત ભુલી જતાં યુવાનો, વેપારીઓ અને ક્યારેક વૃધ્ધો હનીટ્રેપમાં ફસાઇ જાય છે. આવા કિસ્સા રાજ્યભરમાં રોજબરોજ બનતા રહે છે જેમાં અનેક લોકો લાખો રૂપિયા ગુમાવી બેસે છે અને બાદમાં આબરૂ પણ ગુમાવવી પડે છે. આવી જ વધુ એક ઘટના સામે આવી છે જેમાં અથાણાના વેપારીને એક યુવતિએ ફોન પર વાતચીતનો દોર આગળ વધારી ફસાવ્યા બાદ હોટેલમાં મજા માણવા માટે બોલાવ્યા હતાં. પરંતુ કાવત્રા મુજબ જ આ વેપારી હોટલના રૂમમાં ગયા ત્યાં જ યુવતિએ અસલ રંગ બતાવ્યો હતો અને રૂપિયાની માંગણી કરી બ્લેકમેઈલીંગ ચાલુ કર્યુ હતું. આ રીતે તેણે કટકે કટકે દસ લાખની ખંડણી પડાવી લીધી હતી. હજુ પણ રૂપિયા માંગવાનું ચાલુ રાખતાં અંતે વેપારી પોલીસ પાસે દોડી ગયા હતાં. પોલીસે બે આરોપીને પકડી લીધા છે.

ઘટનાની માહિતી પર નજર કરીએ તો આ બનાવ ભાવનગરમાં બન્યો છે. અહિ એક ચોંકાવનારો હનીટ્રેપનો કિસ્સો સામે આવ્યો છે. એક વેપારીને હનીટ્રેપમાં ફસાવી તેની પાસેથી રૂપિયા દસ લાખની ખંડણી માંગવામાં આવી હતી. આ કેસમાં અંકિતા પટેલ નામની મહિલાએ વેપારીને વારંવાર ફોન કરીને મળવા માટે બોલાવ્યો હતો. એક દિવસ બપોરે અઢી વાગ્યે તેઓ હોટલમાં મળ્યા હતા. અંકિતાએ વેપારી પાસે પૈસાની માંગણી કરી અને બળાત્કારની ખોટી ફરિયાદ કરવાની ધમકી આપી રૂપિયા દસ હજાર પડાવી લીધા હતા.ત્યારબાદ પૂર્વ આયોજિત કાવતરા મુજબ વેપારીને પાણીની ટાંકી પાસે મોકલ્યો હતો. કાળુભા રોડથી સત્યનારાયણ રોડ તરફ જતા ભાર્ગવ અને શક્તિસિંહ નામના બે વ્યક્તિઓએ વેપારીને રોક્યો હતો. તેમણે બળાત્કારની ફરિયાદની ધમકી આપી અને શક્તિસિંહે વેપારીને લાફો મારી દીધો હતો.

ત્યારપછી આ બંને શખ્સો વેપારીને સેન્ટ્રલ સોલ્ટની પાછળના અવાવરૂ વિસ્તારમાં લઈ ગયા હતા. ત્યાં તેમણે રૂપિયા પાંચ લાખ આપવાની હા પાડવા મજબૂર કર્યો હતો. ત્યારબાદ ત્રણેય આરોપીઓ પૈસા લેવા વેપારીની દુકાને પણ પહોંચ્યા હતા. શક્તિસિંહે વારંવાર ફોન કરીને પૈસા આપવા દબાણ કર્યું હતું. અંતે હવે પોલીસને જા ણ કરતાં ફરિયાદ દાખલ કરી ટોળકીને ઝડપી લેવા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પોલીસે વધુ માહિતી આપતાં કહ્યું કે ભાવનગરના અથાણાંના એક વેપારીની દુકાને સાતેક દિવસ પૂર્વે અંકિતા પટેલ નામની એક મહિલા અથાણું ખરીદવા આવી હતી અને વધારે અથાણું જોઈતું હોય તો ફોન કરીને અથાણું લેવા આવી શકું તે માટે વેપારીનો નંબર મેળવી પરિચય કેળવી વેપારી સાથે ફોનમાં વાતચીત શરૂ કરી હતી. ત્યારબાદ એક દિવસ સવારે સાડા દસેક કલાકના અરસામાં અંકિતા પટેલે ફોન કરી વેપારીને હોટલમાં મળવા કહ્યું પરંતુ તે દુકાન છોડીને નહી નિકળી શકે તેમ કહેતા મહિલાએ વારંવાર ફોન કરતા અંતે વેપારી બપોરે પોણા ત્રણ કલાકના અરસામાં હોટલમાં મળવા ગયો જ્યાં બન્નેએ સહમતિથી શરીર સંબંધ બાંધી અને બાદમાં મહિલાએ તરત રૂપિયાની માંગણી કરી અને રૂપિયા નહી આપે તો દુષ્કર્મની ફરિયાદ કરીશ તેમ કહેતા વેપારીએ મહિલાને પોતાની પાસે રહેલા રોકડા રૂ.૧૦ હજાર આપી દીધાં હતા અને બાદમાં વેપારી મહિલાને પાણીની ટાંકીએ મુકવા જતા કાળુભા રોડથી સત્યનારાયણ ભગવાન રોડ તરફના રસ્તે ભાર્ગવ અને શક્તિસિંહ નામના શખ્સો ઉભેલા હતા.

જેમાં ભાર્ગવ પોતે અંકિતાનો પતિ હોવાનો પરિચય આપી તથા શક્તિસિંહ નામના અન્ય શખ્સે લાફો મારી મેટર પતાવવી હોય તો દસ લાખ આપ નહીતર તારા વિરૂદ્ધ દુષ્કર્મની ફરિયાદ કરીશું તેવી ધમકી આપી હતી અને રકઝકના અંતે રૂ.પાંચ લાખ આપવાનું નક્કી થયું હતુ અને રૂપિયા આપવાનો સમય માંગતા અત્યારે જ રૂપિયા આપ તેમ કહી વેપારીને દુકાને લઈ ગયા હતા અને તે દરમિયાન વેપારી આ લોકોની નજર ચુકવી પરિવારના સભ્યો સાથે વાત કરી અંકિતા પટેલ, ભાર્ગવ અને શક્તિસિંહ નામના શખ્સ વિરૂદ્ધ નિલમબાગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી અંકિતા પટેલ અને ભાર્ગવને ઝડપી લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી. બીજા કેટલાકને આ રીતે ફસાવ્યા? તેની પણ તપાસ થઈ રહી છે.

# મનપાની તિજોરી છલકાણીઃ૧૨.૮૪%ની વૃદ્ધિ સાથે ૪૧૨ કરોડથી વધુની આવક

## રિકવરી ઝુંબેશ દરમિયાન ૮૨૦૪ મિલકતોને જપ્તી નોટીસ ની બજવણી કરવામાં આવી હતી અને ૧૪૭૧ મિલકતોને સીલ કરવામાં આવી

રાજકોટ, તા. ૧

રાજકોટ મહાનગરપાલિકાના વેરા વસુલાત વિભાગે રેકોર્ડબ્રેક આવક કરી છે ૪૧૦ કરોડના લક્ષ્યાંક સામે ૪૧૨ કરોડથી વધુનો વેરો વસૂલવામાં આવ્યો. હાલ જે વિગતો સામે આવી રહી છે તેની પાછળ વિભાગના અધિકારીઓની સાથોસાથ અન્ય વિભાગના જે કર્મચારીઓ આ વસલા ઝુંબેશમાં જોડાયા હતા જેનો શ્રેય તેઓને જાય છે. ત્યારે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વેરા વસુલાતની જે કામગીરી હાથ ધરવામાં આવી તેને આગામી દિવસોનો ટાર્ગેટ સુનિશ્ચિત કરવા માટે પણ એક પીઠબળ મળી ગયું છે.

હાલ જે આંકડાકીય માહિતી સામે આવી રહી છે તેને ધ્યાને લઈ જે ટાર્ગેટ મેળવવામાં આવ્યો તેમાં ૧૨. ૮૪ ટકા ની વૃદ્ધિ જોવા મળી હતી અને તેને ધ્યાને લઈ મનપાને ૪૬.૮૮ કરોડ વધારાની આવક થઈ છે. બીજી તરફ નાણાકીય વર્ષ ૨૦૨૪ - ૨૫ માં કુલ ૪.૧૮ લાખ મિલકતોનો વેરો ભરવામાં આવ્યો.

ત્યારે નાણાકીય વર્ષમાં ૨૩, ૩૬૯ થી વધુ મિલકતોમાં વેરો વસૂલવામાં આવ્યો હતો. સાથોસાથ આ કામગીરી દરમિયાન ૮૨૦૪ મિલકતોને જપ્તી નોટીસ ની બજવણી કરવામાં આવી હતી અને ૧૪૭૧ મિલકતોને સીલ કરવામાં આવી.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ની રિકવરી ઝુંબેશ અંતર્ગત તા.૦૧/૦૪/૨૦૨૪ થી તા.૩૧/૦૩/૨૦૨૫ સુધી કુલ ૪,૧૮,૮૨૯ કરદાતાઓ પાસેથી કુલ આવક રૂ.૪૧૨.૧૦ કરોડની વસુલાત થયેલ છે. જેમાં રોકડથી થયેલ આવક રૂ.૧૦૫.૪૫ કરોડ, ચેકથી થયેલ આવક રૂ.૧૦૦.૭૪ કરોડ તથા ઓનલાઈનથી થયેલ આવક રૂ.૨૦૫.૯૧ કરોડ છે. કુલ કરદાતાઓ ૪,૧૮,૮૨૯ પૈકી ૨,૬૮,૦૭૪ કરદાતાઓ દ્વારા ઓનલાઇન પેમેન્ટ કરવામાં આવેલ અને ૧,૫૦,૭૫૫ કરદાતાઓ દ્વારા ઓફલાઇન પેમેન્ટ કરવામાં આવેલ. એવીજ રીતે અન્ય કર સેલ દ્વારા નાણાકિય વર્ષ ૨૦૨૪-૨૫ માં નિયત કરવામાં આવેલ વ્યવસાય વેરા વિભાગના રૂ.૩૨.૦૦ કરોડના ટાર્ગેટ સામે રૂ.૩૨.૦૬ કરોડની વસુલાત થયેલ છે. જે ગત નાણાકિય વર્ષ ૨૦૨૩-૨૪ ની રૂ.૨૮.૮૬ કરોડની આવક કરતા રૂ.૩.૨૦ કરોડ જેટલી વધુ છે.

થિયેટર ટેક્સની જો વાત કરવામાં આવે તો વર્ષ ૨૦૨૪-૨૫ માં નિયત કરવામાં આવેલ થીયેટર ટેક્ષના રૂ.૧૦.૦૦ લાખના ટાર્ગેટ સામે રૂ.૧૧.૪૪ લાખની વસુલાત થયેલ છે. જે ગત નાણાકિય વર્ષ ૨૦૨૩-૨૪ ની રૂ.૮.૧૫ લાખની આવક કરતા રૂ.૩.૨૯ લાખ જેટલી વધુ છે.

વાહન વેરોમાં વર્ષ ૨૦૨૪-૨૫ માં નિયત કરવામાં આવેલ વાહન વેરાના રૂ.૨૮.૦૦ કરોડના ટાર્ગેટ સામે રૂ.૨૬.૯૨ કરોડની વસુલાત થયેલ છે. જે ગત નાણાકિય વર્ષ ૨૦૨૩-૨૪ માં આ આવક રૂ.૩૦.૧૯ કરોડ થયેલ. વર્ષ ૨૦૨૪-૨૫ માં કુલ ૪૯,૦૮૯ વાહનોની નોંધણી થયેલ અને વર્ષ ૨૦૨૩-૨૪ માં ૪૭,૭૩૬ વાહનોની નોંધણી થયેલ.

# તમામ વોર્ડ ઓફિસ ખાતે આધાર કાર્ડ કેન્દ્ર શરૂ

## અન્ય સ્થાન પર લાગતી લાંબી લાઈનો માંથી લોકોને મુક્તિ મળે તે માટે સ્ટેન્ડિંગ કમિટી દ્વારા લેવાયો હતો નિર્ણય

રાજકોટ, તા. ૧

આધાર કાર્ડ કઢાવવા અને તેમાં ફેરબદલ કરવા ની કામગીરીમાં છેલ્લા ઘણા સમયથી અનેક તકલીફો અને સમસ્યાનો સામનો અને ફરિયાદો મહાનગરપાલિકા સમક્ષ આવતી હતી ત્યારે નવા નાણાકીય વર્ષમાં સ્ટેન્ડિંગ કમિટી દ્વારા ખાસ વ્યવસ્થા ઊભી કરવા દરેક વોર્ડ ઓફિસ ખાતે આધાર કેન્દ્ર સેવા શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો જેની શરૂઆત ગઈકાલથી જ શરૂ થઈ ચૂકી છે જેથી હવે આધાર કાર્ડ અંગેની કામગીરી ને લઈ જે પ્રશ્ન ઊભા થતા હતા તે હવે નહીં થાય. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે સ્ટેન્ડિંગ કમિટી દ્વારા મંજૂર કરવામાં આવેલ બજેટના અનુસંધાને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર દ્વારા ગત માસ દરમ્યાન બજેટમાં જાહેર થયેલ યોજનાના સમયબદ્ધ અમલીકરણ બાબતે લગત અધિકારીઓ સાથે ચર્ચા કરી વિસ્તૃત માહિતી મેળવવામાં આવેલ, જેના અનુસંધાને ‘‘દરેક વોર્ડ ઓફિસ ખાતે આધાર કેન્દ્ર‘‘ સેવા સત્વરે અમલી બનાવવા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દ્વારા જરૂરી સુચના આપવામાં આવી હતી.સરકારના યુ.આઈ.ડી.એ. આઈ. દ્વારા નાગરિકોને ’આધાર’ નોંધણીની સુવિધા દેશભરમાં અમલી બનેલ છે, જેમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના ઉપક્રમો જેવા કે પોસ્ટ ઓફિસો, બેન્ક કચેરીઓ ખાતે આધાર નોંધણી કેન્દ્રો કાર્યરત છે. ઉકત તમામ સ્થળે ઘણી જ મર્યાદિત સંખ્યામાં ટોકન આપીને આધાર નોંધણીની સેવા આપવામાં આવતી હોઈ. મહાનગરપાલિકાની ત્રણેય ઝોન ઓફિસ ખાતે આધાર નોંધણી કેન્દ્રો કાર્યરત છે, ત્યાં ખાતે પણ લોકોનો ઘણો વધુ ધસારો રહેતો હોવાનુ ધ્યાને આવેલ.શહેરીજનોની સુખાકારીમાં વધારો કરવા માટેની દિશામાં પહેલ કરતા શહેરીજનોને લાંબી કતારમાંથી મુક્તિ મળે, પોતાના ઘરથી નજીકના સ્થળે પોતે આધાર નોંધણી કરાવી શકે, સમયની બચત થાય અને હાલાકી ઓછી થાય તેવા શુભ આશયથી તેમજ રાજકોટ શહેરની વધતી વસતિ અને વિસ્તારને ધ્યાને લઇ, લોકોની સુવિધા માટે વોર્ડવાઇઝ એક-એક આધાર નોંધણી કીટ ઉપલબ્ધ કરાવવાનું સ્ટેન્ડિંગ કમિટી દ્વારા મંજુર કરવામાં આવેલ વર્ષ ૨૦૨૫-૨૬ ના બજેટમાં વિશેષ જોગવાઇ કરવામાં આવેલ. નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્ર અંતર્ગત ’વોર્ડ વાઇઝ આધાર કેન્દ્રો’ અંગેની જાહેરાત કરવામાં આવેલ, જેનુ ત્વરિત અમલીકરણ કરાવવા સંબંધિત અધિકારીઓને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર દ્વારા જરૂરી સુચનાઓ આપવામાં આવેલ. જે મુજબ નવા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬થી એટલે કે, નવા નાણાકિય વર્ષની શરૂઆતથી જ રાજકોટ શહેરના જેતે વિસ્તારમાં વસવાટ કરતા નાગરીકો વોર્ડ ઓફિસ ખાતે આધાર નોંધણી કરાવી શકશે

ઘરના જ ગરીયા ફેરવે ત્યાં ગામનાને શું પુછવા જવું? રાજકોટમાં સામે આવી વધુ એક ફ્રોડની ઘટના

# ફાયનાન્સ કંપનીને કર્મચારીઓએ જ લગાવ્યો એક કરોડનો ચૂનો

## ત્રણ કર્મચારીઓએ પચ્ચીસ લોકોને ખોટા દસ્તાવેજોને આધારે લોન પધરાવી દીધીઃ પોતે મસમોટુ કમિશન ખાધુ અને કંપનીને ચાર કરોડ પાંત્રીસ લાખનો ચૂનો લગાવ્યોઃ યુનિવર્સિટી પોલીસે ૨૮ સામે ગુનો દાખલ કરી પાંચને ઝડપી લઈ પુછપરછ શરૂ કરી

રાજકોટઃ ફ્રોડ કરીને પોતાના ગજવા ભરનારા શખ્સો કોઈપણ સ્થળે હોય તે પોતાની કરતૂતો થકી કાળાધોળા કરી જ લેતાં હોય છે. વધુ એક આવા કારસ્તાનનો રંગીલા રાજકોટમાં પર્દાફાશ થયો છે. જેમાં શહેરના દોઢસો ફુટ રીંગ રોડ શીતલ પાર્ક પાસે બેસતી ફાયનાન્સ કંપની સાથે તેના જ ત્રણ કર્મચારીએ ઘાલમેલ કરી કરોડોનો ચૂનો લગાડવી દીધો છે. આ ત્રણેયએ પોતાની જવાબદારી ભુલી જઈ લોનધારકોને તેઓ લોન મંજુર કરાવવા લાયક ન હોવા છતાં ખોટા દસ્તાવેજો ઉભા કરી લોન મંજુર કરાવી દઈ તેની સામે કમીશન મેળવી તેમજ પચ્ચીસ લોકોને ચાર કરોડ પાંત્રીસ લાખ એકત્રીસ હજાર પાંચસો ચૌદ રૂપિયાની લોન અપાવી દઈ છેતરપીંડી કરી લીધી છે. યુનિવર્સિટી પોલીસે બે કર્મચારી સહિત પાંચને સાણસામાં લઈ તપાસ આરંભી છે.







ફ્રોડની આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો યુનિવર્સિટી પોલીસે સુરતમાં પાલનપુર રોડ જકાતનાકા પાસે દિનદયાળ સોસાયટી બી-૧૦૮માં રહેતાં અને રાજકોટ ૧૫૦ રીંગ રોડ પર શીતલ પાર્ક પાસે સ્પાયર-૨ બિલ્ડીંગમાં ઓફિસ નં. ૧૩૨૪માં બેસતી મીન્ટીફી ફીનસર્વ નામની ફાયનાન્સ કંપનીમાં લીગલ મેનેજર તરીકે નોકરી કરતાં ચંદ્રેશ મોટુમલ જોબનપુત્રાની ફરિયાદ પરથી આ કંપનીના બ્રાંચ મેનેજર, સેલ્સ મેનેજર અને કંપનીએ થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન માટે નીમેલા કર્મચારી સહિત ત્રણ અને રાજકોટ, જામનગર, પડધરી, મહેસાણા, સુરેન્દ્રનગર,વીસનગર, અમદાવાદમાં રહેતાં ૨૫ લોન ધારકો મળી અઠ્ઠાવીસ લોકો સામે બોગસ ડોક્યુમેન્ટ રજુ કરી કરોડોની લોન મેળવી લઈ બાદમાં આ લોન ભરપાઈ ન કરી કંપની સાથે છેતરપીંડી કર્યાની એફઆઈઆર દાખલ કરી પાંચને સકંજામાં લીધા છે.

આ બનાવમાં પોલીસે મેનેજરની ફરિયાદને આધારે જેની સામે ગુનો નોંધ્યો છે તેમાં બ્રાંચ મેનેજર હિતેન્દ્રસિંહ સુખદેવસિંહ ઝાલા (શહીદ સુખદેવ ટાઉનશીપ ફ્લેટ ૧૫૦ રીંગ રોડ), સેલ્સ મેનેજર આકાશ દિનેશભાઈ વ્યાસ (દેવાશીષ એપાર્ટમેન્ટ, અયોધ્યા ચોક પાછળ) અને થર્ડ પાર્ટી ઈન્સ્પેકશનની જવાબદારી સંભાળતા અમિત ઘનશ્યામભાઈ ઘરજીયા (રહે. રાજકોટ) તેમજ બીજા ૨૫ લોન ધારકોમાં કૌશલ હર્ષદભાઈ દક્ષિણી (સુરેન્દ્રનગર), ક્રિષ્ના અશ્વીનકુમાર ઠક્કર (સુરેન્દ્રનગર), અમિત મનહરભાઈ બોરડ (સ્વામિનારાયણ ચોક ટપુભવાન પ્લોટ ૧-બી, રાજકોટ), પાર્થ કમલેશ દુધાતરા (લોધીકા રાજકોટ), શિલ્પા પાર્થ દુધાતરા (કાંગશીયાળી, અક્ષરાતીત ઈ-વીંગ ૩૦૮ તા. લોધીકા), અરજણ વિઠુલભાઈ આસોદરીયા (ગોકુલ પાર્ક-૩, રણુજા મંદિર પાસે કોઠારીયા રોડ રાજકોટ), શિલ્પા અરજણભાઈ આસોદરીયા (રહે. ગોકુલ પાર્ક-૩ કોઠારીયા રોડ), જતીન પ્રવિણભાઈ કણજારીયા (જામનગર), મોનીકા જતીન કણઝારીયા (જામનગર), હિતેષ તુલસીભાઈ કણઝારીયા (જામનગર, કણજારીયા નગર, હાલ બાબરીયા કોલોની આહિર ચોક), કમલેશ જમનાદાસ પાડલીયા (સૌરાષ્ટ્ર હોટલ પાછળ કાંગશીયાળી), જગદીશ છગનભાઈ ચૌહાણ (જામનગર), પ્રજ્ઞાબેન જગદીશ ચોહાણ (જામનગર), વિનોદ નાનજીભાઈ ધારવીયા (જામનગર), પુષ્પાબેન વિનોદ ધારવીયા (જામનગર), ચિરાગ ભરતભાઈ ધારવીયા (જામનગર), ભરત રવજીભાઈ ધારવીયા (જામનગર), જયદીપ ખીમજીભાઈ ચૌહાણ (શ્રદ્ધા સોસાયટી-૫ અટીકા નહેરૂનગર), રાજદેવસિંહ મુરારીસિંહ રાજપૂત (વિસનગર મહેસાણા), રેખા રાજદેવસિંહ રાજપૂત (વિસનગર), ડોલી ભાવીક ઠક્કર (અમદાવાદ), ભાવીક નિતીનકુમાર ઠક્કર (અમદાવાદ), નરેન્દ્ર છગનદાસ અગ્રાવત (મોટા ખીજડીયા પડધરી), કાજલ નરેન્દ્ર અગ્રાવત (પડધરી)નો સમાવેશ થાય છે. આ તમામ આરોપીઓને શોધી કાઢવા ટીમો કામે લાગી છે.

વિશેષ વિગતો જોઈએ તો ફાયનાન્સ કંપની મીન્ટીફી ફીનસર્વ પ્રા.લિ.ના લીગલ મેનેજર ચંદ્રેશ જોબનપુત્રાએ પોતાની ફરિયાદમાં આગળ જણાવ્યું છે કે આ કંપનીમના ગુનરાત રાજ્યના ઓથોરીટી તરીકે કંપનીએ મને જવાબદારી સોંપી છે. ફરિયાદ કરવાની અને તમામ પ્રોસીડીંગ કરવાની જવાબદારી મારી છે. આ કંપની ૨૦૧૮થી કામ કરી રહી છે. તેની મુખ્ય ઓફિસ મુંબઈ ખાતે છે. અમારી કંપની બે પ્રકારની સિક્યોર, અનસિક્યોર લોન આપે છે. રાજકોટમાં કંપનીની ઓફિસ ૧૫૦ રીંગ રોડ પર સ્પાયર-૨ બિલ્ડીંગમાં છે. અમારી કંપનીમાં ગ્રાહક લોન લેવા આવે ત્યારે તેના સીબીલ સ્કોર જોવામાં આવે છે. તેમજ ઈન્કમટેક્સ રીટર્ન અને છેલ્લા એક વર્ષના બેંક ટ્રાન્જેકશન જોઈ એસેટ વેલ્યુ પણ જોવામાં આવે છે.

તેમણે આગળ કહ્યું કે અમારી કંપનીમાં સેલ્સ મેનેજર તથા બ્રાંચ મેનેજર અને થર્ડ પાર્ટી એજન્સીના કર્મચારીઓ ફરજ બજાવે છે. કોઈપણ ગ્રાહક આવે અથવા સેલ્સ મેનેજર દ્વારા ગ્રાહક લાવવામાં આવે ત્યારે ડોક્યુમેન્ટની ચકાસણી કરી ક્ષમતા મુજબની લોન મળવાપાત્ર હોય તો નિયમાનુસાર વિગતોનું ફોર્મ ભરી રેકર્ડ સાથે બ્રાંચ મેનેજરને વિગતો સોંપાય છે.આ પછી બ્રાંચ મેનેજર આ વિગતો મુજબના ફોર્મ સંબંધે રાખેલા રેકર્ડની ચકાસણી કરી ગ્રાહકની ક્ષમતા મુજબની લોન આપવા પાત્ર હોય તો કંપનીના નિમ મુજબ વિગતો પર થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન માટે એગ્રીમેન્ટ કરેલી ફોર્માલીક એન્જિનીયર પ્રા.લિ. કંપનીના કર્મચારી દ્વારા સ્થળ પર ભૌતિક ચકાસણી કરી, રજુ કરેલ રેકર્ડની ખરાઈ કરી પરત રિપોર્ટ બ્રાંચ મેનેજરને આપે છે. ત્યારપછી બ્રાંચ મેનેજર દ્વારા કંપનીને રિપોર્ટ કરી ગ્રાહકને લોન સેન્શન કરારવવા જરૂરી એગ્રીમેન્ટ કરી કંપનીને રિપોર્ટ આપે છે. ઉપરાંત ગ્રાહકોને લોન આપ્યા બાદ પણ બ્રાંચ મેનેજર તરીકે સમયાંતરે લોન ધારકોના રજુ કરેલા મોરગેજ પ્રોપર્ટી, મશીનરીની ભૌતિક ચકાસણી કરવાની રહે છે.

ઉપરોક્ત અઠ્ઠાવીસ આરોપીઓમાં અમિત ઘરેજીયા અમારી કંપનીમાં થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન માટે અમારી કંપનીએ એગ્રીમેન્ટ કરેલી ફોર્મલીક એન્જી. પ્રા.લિ.ના કર્મચારી તરીકે ફરજ બજાવતાં હતાં. જ્યારે હિતેન્દ્રસિંહ ઝાલા અમારી કંપનીના બ્રાંચ મેનેજર તરીકે અને અકાશ વ્યાસ સેલ્સ મેનેજર તરીકે ફરજ બજાવતાં હતાં. ગત ૩૦/૯/૨૩થી ૩૦/૬/૨૪ સુધી આ ત્રણેય કર્મચારીઓએ ગ્રાહકોને જરૂરીયાત મુજબની લોનની માંગણી થતાં રેકર્ડ આધારે લોન મળવા પાત્ર ન હોય છતાં ગ્રાહકોને લોન ફાળવી દીધી હતી. જમાં જય ભવાની એન્ટરપ્રાઈઝના માલિક કૌશલ દક્ષીણી (સુરેન્દ્રનગર)ને રૂા. ૫૨૦ લાખની લોન અમારી ફાયનાન્સ કંપનીમાંથી આપી દીધી હતી. તેણે હળવદના મકાનનું ખોટુ રેકર્ડ રજુ કરી લોન લીધી હતી. જ્યારે શ્રી પાવડર કોટીંગના માલિક અમિત બોરડ (રાજકોટ)ને ૪૦ લાખની લોન આપી હતી, જેના મશીનરાના ખોટા બીલો સાચા તરીકે રજુ કરી લોન લઈ લીધી હતી. એસકે એન્ટરપ્રાઈઝના કમલેશ દુધાતરાએ અને શિલ્પા દુધાતરાએ મશીનના ખોટા બીલ આપી ૨૫ લાખની લોન લીધી હતી. શ્રીજી ટ્રેડીંગના અરજણ આસોદરીયા, શિલ્પા આસોદરીયાએ પ્રોપર્ટી અને જ્યોતીના ખોટા બીલો મશીનરી પર ૩૫ લાખની લોન મેળવી હતી.

તેમજ મા હાર્ડવેરના માલિક જતીન કણઝારીયા, મોનીકા કણઝારીયાએ૩૫ લાખની લોન મશીનરીના ખોટા બીલ આપીને, દ્વારકેશ કેડ કેમ્પના માલિક હિતેષ કણઝારીયાએ ૬૫ લાખની લોન મશીનરીના ખોટા બીલોને આધારે, મહેક ઈન્ટરનેશનલના જગદશી ચૌહાણ, પ્રજ્ઞા ચૌહાણે માલ સ્ટ્રોક પર ૪૦ લાખની લોન લઈ મશીનરીના ખોટા બીલ રજુ કર્યા હતાં. આરતી એન્ટરપ્રાઈઝના વિનદ ધારવીયા, પુષ્પા ધારવીયાએ રૂા. ૫૦ લાખની લોન મશીનરીના ખોટા બીલથી લીધી હતી. આદી એન્ટરપ્રાઈઝના ચિરાગ ધારવીયા, ભરત ધારવીયાએ ૨૫ લાખની લોન મશીનરીના ખોટા બીલોને આધારે, કેકે ઓટોમેશનના જયદિપ ચૌહાણ, પુનમ કણઝારીયાએ ૩૦,૩૧,૫૧૭ની લોન ખોટા બીલો રજુ કરીને, પુજા પેકેજીંગના રાજદેવસિંહ રાજપૂતે રૂા. ૨૫ લાખની લોન મશીનરીના ખોટા બીલથી, દીયા પ્લાસ્ટીકના ડોલી ઠક્કર, ભાવીક ઠક્કરે ૧૩ લાખની લોન મશીનરીના ખોટા બીલોને આધારે, મા જનરલ સ્ટોરના નરેન્દ્ર અગ્રાવત, તેના પત્નિ કાજલ અગ્રાવતે મોટા ખીજડીયાની પ્રોપર્ટીના ખોટા રેકર્ડ રજૂ કરી ૧૦ લાખની લોન લઈ લીધી હતી.

મેનેજરે ફરિયાદમાં વધુમાં જણાવ્યું છે કે અમારી કંપનીમાં સેલ્સ મેનેજર તરીકે ફરજ બજાવતાં આકાશ વ્યાસે પોતાની જવાબદારી માર્કેટમાંથી ગ્રાહક શોધી લાવવાની હોઈ તેમજ તેમની પાસેથી જરૂરી દસ્તાવેજો આધારપુરાવા મેળવી ફાઈલ તૈયાર કરવાની હોઈ અને આ ફાઈલ બાદમાં બ્રાંચ મેનેજર હિતેન્દ્રસિંહ ઝાલાને આપવાની તથા બ્રાન્ચ મેનેજર આ ફાઈલમાં રજુ કરાયેલા આધારપુરાવા રેકર્ડ સાચા છે કે કેમ તે સહિતની તપાસ કરવાની અને છેલ્લે થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શનની જવાબદારી નિભાવતા અમિત ઘરજીયાને તપાસ માટે આપવાની કામગીરી કરવાની હોઈ આ ત્રણેયએ ખોટા આધારપુરાવા ગ્રાહકોએ રજુ કર્યા હોવા છતાં તેના હકારાત્મક રિપોર્ટ સાથે વડી કચેરીમાં આપી લોન પાસ કરાવડાવી ગ્રાહકોને આપી દઈ મસમોટુ કમીશન મેળવવા ગુનાહિત કાવત્રુ ઘડ્યુ હોઈ ફરિયાદ દાખલ કરાવવી પડી હતી. લોન ધારકોએ અમારી પેઢીમાંથી લોન સંબંધે સમયાંતરે ભરવાના થતાં હપ્તા લોન ધારકોએ અમારી પેઢીમાંથી લોન સંબંધે સમયાંતરે ભરવાના થતાં હપ્તા ભરવાના પણ બંધ કરી દીધા હતાં જેના કારણે ઈસીએસ બાઉન્સ થતાં અમારી કંપનીને શંકા ઉપજતાં અન્ય મેનેરજ દ્વારા તમામ લોન ધારકોના દસ્તાવેજી રેકર્ડ ચકાસવામાં આવતાં પ્રથમ દ્રષ્ટીએ જ રેકર્ડ બોગસ જણાઈ આવ્યા હતાં.

આ પછી આ ત્રણેય કર્મચારીની પુછતાછ થતાં તેની ભુમિકા શંકાસ્પદ જણાઈ હતી. અમારી કંપનીના બે તથા થર્ડ પાર્ટી એજન્સીના એક મળી ત્રણેય કર્મચારીઓએ લોનધારકો સાથે મળી કાવત્રુ રચી જરૂરી રેકર્ડને બદલે ખોટા રેકર્ડ રજુ કરી લોન પાસ કરાવી દઈ ત્રણેય કર્મચારીઓએ મસમોટુ કમીશન મેળવી લઈ તેમજ ખોટા દસ્તાવેજો રજૂ થયા હોય તેને પણ સાચા ગણી લોનો રૂા. ૪,૧૩,૩૧,૫૧૭ની લોન અપાવી દઈ નુકસાન પહોંચાડ્યું હોઈ ત્રણેય કર્મચારી અને બાકીના ૨૫ લોન ધારકો સામે ફરિયાદ દાખલ કરાવી હતી. તેમવ ધુમાં મેનેજર ચંદ્રેશ જોબનપુત્રાએ જણાવતાં પોલીસ ઈન્સ્પેક્ટર એચ. એન. પટેલે ગુનો દાખલ કરી બે કર્મચારી હિતેન્દ્રસિંહ ઝાલા, અમીત વ્યાસ અને ત્રણ લોનધારકને પકડ્યા છે. કર્મચારીઓ લોન દિઠ પાંચથી દસ ટકા કમિશન મેળવતાં હતાં.

ખોટા દસ્તાવેજો હોવા છતાં લોન મંજુર કરાવી દીધી હતી. સકંજામાં આવેલા તમામની વિશેષ તપાસ થઈ રહી છે.

રાજ્યભરમાં પત્નિઓ પતિ-સાસરિયાથી ત્રાસી આપઘાત કે આપઘાતનો પ્રયાસ કરતી હોય છે, પણ અહિ ઉલ્ટુ થયું

# પત્ની-સાસરિયાના ત્રાસથી પતિનો આપઘાત

## પહેલા તો હાર્ટએટેક આવી ગયાનું જણાયું: પણ પોસ્ટમોર્ટમમાં ઝેર આવ્યું તેમજ ચિઠ્ઠી અને સીસીટીવી ફૂટેજને આધારે ભાંડો ફુટ્યો: પતિએ મરતા પુર્વે લખ્યું-મારી મિલ્કતમાંથી પત્નિ પૂજાને એક રૂપિયોય ન આપતાંફ પૂજા મને ખુબ ટોર્ચર કરતી હતી

રાજકોટ: રાજ્યભરમાં એવા અનેક કિસ્સા રોજબરોજ બનતાં રહે છે જેમાં પતિ કે સાસરિયાના ત્રાસને કારણે પરિણીતાઓ આપઘાતનો રસ્તો અપનાવી લેતી હોય છે. પરંતુ એક ચોંકાવનારી અને ઉલ્ટીગંગા જેવી ઘટના સામે આવી છે જેમાં એક પતિએ પોતાની પત્નિ અને સાસરિયાના અનહદ ત્રાસથી કંટાળીને સોડીયમ નાઈટ્રેટ પીને દુનિયા છોડી દીધી છે. તેને મરવા માટે મજબૂર કરનાર પત્નિ–સાસરીયા સામે પોલીસે કાર્યવાહી કરી છે. યુવાન સોડિયમ નાઈટ્રેટ પીતો હોય તેવા દ્રશ્યો સીસીટીવી કેમેરામાં પણ સામે આવ્યા હતાં. આરંભે આ કેસ હાર્ટએટેકનો જણાયો હતો. પરંતુ પોસ્ટમોર્ટમમાં પોઈઝન આવવું અને બાદમાં ચિઠ્ઠી અને સીસીટીવી ફુટેજમાં જે કંઈ મળ્યું તેનાથી ભાંડો ફુટ્યો હતો. બીજી ઘટનામાં યુવતિએ પ્રેમી સહિત બે જણાના ત્રાસથી કંટાળી આપઘાત કરી લેતાં બંને સામે પોલીસે કાર્યવાહી કરી ઘરપકડ કરી હતી.

પ્રથમ ચોંકાવનારી ઘટના જોઈએ તો આ બનાવ વડોદરાના આજવા રોડની વિનય સોસાયટીમાં બન્ય છે. અહિ રહેતા લીલાવતીબેન વિજયભાઈ મારૂએ બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે સરદાર એસ્ટેટમાં આવેલી ફાઈવ સ્ટાર ઓપ્ટિકલ કંપનીમાં હું તથા મારા ત્રણ દિયર ભાગીદાર છે. મારા બંને દીકરા તેમાં નોકરી કરે છે. મારા દીકરા રાહુલના લગ્ન ૨૦૦૭માં ભરત બાબુભાઈ સોનીની પુત્રી પૂજા સાથે થયા હતા. લગ્નના થોડા દિવસ પછી નાની બાબતોમાં પૂજા દ્વારા ઝઘડા શરૂ કરવામાં આવ્યા હતા. પૂજા અમારા કહ્યામાં રહેતી ના હોય લગ્નના બે વર્ષ પછી મારો દીકરો અને તેની પત્ની પૂજા સાથે આજવા રોડ ઓલ્વીન રેસિડેન્સીમાં રહેતો હતો. મારો દીકરો અલગ રહેવા ગયો ત્યારે પણ મારા દીકરા સાથે તેની પત્નિ અવાર – નવાર ઝઘડા કરતી હતી.

આ ઉપરાંત વાર, તહેવારે પૂજા મારા ઘરે આવતી નહતી અને મારા પુત્રને પણ આવવા દેતી નહતી. જો મારો દીકરો આવે તો પૂજા તેની સાથે ઝઘડા કરતી હતી. મારા દીકરા રાહુલ માટે ઓલ્વીન સોસાયટીમાં એક મકાન



## બીજી ઘટનામાં પ્રેમી અને તેના મિત્રના ત્રાસથી યુવતિ મરવા માટે મજબૂર થઈ: બંનેની ઘરપકડ

મારા નામે લોન લઈને લીધું હતું. જેના હપ્તા હું ભરપાઈ કરૂ છું. તે સમયે પણ મકાન મારા નામ પર કેમ ના લીધું? તેવું કહીને પૂજાએ મારા પુત્ર સાથે મોટો ઝઘડો કર્યો હતો. ગત તેરમીએ હું, મારા ત્રણ દિયર, પુત્રવધૂ પૂજા સાથે ગાંધીધામ એક –સંગમાં ગયા હતા. અમે રાતે પરત આવતા હતા. તે સમયે મારી પૌત્રી અવાર – નવાર તેની માતા પૂજાને કોલ કરતી હતી. પરંતુ, મારી પુત્રવધૂએ મને કંઈ જ કહ્યં નહતું. સવારે અમે ઘરે આવ્યા ત્યારે જાણ થઈ કે, મારો દીકરો બાથરૃમમાં બેભાન થઈ ગયો હતો અને તેનું મોત થયું હતું. શરૂઆતમાં અમને લાગ્યું કે હાર્ટ એટેકના કારણે મોત થયું છે. પરંત પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ઝેરની હાજરી મળી આવી હતી. જેથી, અમે ફેક્ટરીના સીસીટીવી જોતા જાણવા મળ્યું હતું કે, મારા દીકરા રાહુલે સોડિયમ નાઈટ્રેટ પાણીમાં ભેળવીને પી લીધું હતું. પત્નિ સાથેના અવાર નવારના ઝઘડાથી કંટાળીને મારા પુત્ર રાહુલે આપઘાત કરી લીધો હતો.

આ ઘટનામાં રાહુલને ડાયરી લખવાની ટેવી હતી. તેમાં રાહુલે લખ્યું હતું કે હું રાહુલ મારૂ મારા પૂરા હોશમાં આ લખાણ કરુ છું કે, હું મારી પત્નિ પૂજાના મેન્ટલી ટોર્ચર આર્થિક દબાણે મને હેરાન કરી દીધો છે. આ બધી વાત હું મારા પરિવારને છેલ્લા ૧ વર્ષથી જણાવું છુ. પણ કોઈ મને સાથ આપી રહ્યું નથી. બધા મને શાંત રહેવા સમજાવે છે. જેથી, બે મહિનાથી મેં મારા પરિવારને પણ કહેવાનું બંધ કરી દીધું છે.પૂજા એની મમ્મી તથા ભાઈ ભાભીની ચઢમણીથી મારી સાથે આવું વર્તન કરે છે. કાલે સવારે આ બધાથી કંટાળીને હું કંઈપણ પગલું ભરું તો તેની તમામ જવાબદારી પૂજા અને તેના પિયરવાળાની રહેશે. પિયરવાળા કાળા ધોળા કરીને મને આર્થિક અને માનસિક રીતે પાયમાલ કરી રહ્યા છે. મારા પછી મારી મિલકતમાં મારો દીકરો અને દીકરી હક્કદાર છે. પૂજા એક રૂપિયાની હક્કદાર નથી.

બીજી એક ઘટના ભરૂચનાવાલિયા તાલુકાના વડફળિયામાં રહેતી યુવતીએ પ્રેમી તથા અન્ય એક યુવાનના ત્રાસથી કંટાળીને એસિડ પી જઈ આપઘાત કરી લીધો હતો.

પ્રેમી અને તેનો મિત્ર યુવતીને તુ ક્યારે મરી જાય છે તેમ કહી તેની ઠેકડી ઉડાવતાં હતાં તેમજ કોઈની સાથે વાત પણ કરવા દેતાં ન હતાં. સત્યાવીસમીએ તે મોબાઈલ પર કોઈની સાથે વાત કરી રહી હતી તે સમયે અચાનક બાથરૂમમાં દોડી ગઈ હતી અને અડધો લોટો ભરીને એસિડ પી લીધું હતું. તેની તબિયત લથડતાં તેને પરિવારજનો સારવાર માટે ભરૂચની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જયાં તેનું સારવાર દરમિયાન મોત થયું હતું. વડ ફળીયા ગામમાં રહેતી બાવીસ વર્ષીય યુવતી અંજના વસાવા ઘરે હતી. તે દરમિયાન કોઈ વ્યક્તિનો ફોન આવતા તે વાતચીત કરતી હતી. જે બાદ થોડીવારમાં અચાનક દોડી હાથમાં લોટો લઈ ઘરના બાથરૂમ ગઈ હતી જયાં તેણે અડધો લોટો જલદ એસિડ ભરી પી લીધું હતું.

એસિડ પી લીધા બાદ તેને ઉલટી અને ગભરામણ થવા લાગતાં તેણે બુમરાણ મચાવવાનું શરૂ કર્યું હતું. તેને પહેલાં ખાનગી વાહનમાં વાલિયા અને ત્યાંથી ભરૂચની સિવિલમાં ખસેડવામાં આવી હતી. જયાં તેનું સારવાર દરમિયાન મોત થયું હતું.

મૃતક પાસેથી સ્યુસાઈડ નોટ મળી આવી હતી. જેમાં કદવાલી ગામના અવિનાશ વસાવાએ યુવતી અને તેના માતાપિતા માર મારવા સાથે તું મરી કેમ નથી જતી તેવી ધમકી આપી હતી.જયારે પ્રેમી નરેશ નામના ઈસમે તું મરી કેમ નથી જતી તને છોડી દેવાની વાત કરી યુવતીને આત્મહત્યા કરવા મજબુર કરી હતી. વાલિયા પોલીસે પ્રેમી સહિત બે ઈસમો વિરૂદ્ધ દુષ્પ્રેરણાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી દરમ્યાન પોલીસે પ્રેમી નરેશ વસાવા અને તેના મિત્ર અવિનાશ વસાવાની ઘરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



# ધર્મકુરૂપ !

## વંદનીય ગણાય તેવા સાધુએ સંસારીને પણ શરમાવી દીધા



સાધુતા સનાતનની ધરોહર છે. આ કારણે ભગવા વસ્ત્રને પણ વંદન કરવાની પરંપરા છે. સનાતનનો ઈતિહાસ તપાસો તો અનેક દિવ્ય વિભૂતિઓએ પોતાની ઉર્જાથી દેશને બચાવ્યો છે. આ દિવ્ય ઉર્જાની પરંપરા ગુરુ-શિષ્ય પધ્ધતિથી જળવા રહે છે. જો કે વર્તમાનમાં આ પરંપરામાં રાક્ષસી ઉર્જા ઘુસી ગઈ હોય તેમ લાગે છે.

વંદનીય ગણાતા ભગવા વસ્ત્રધારીઓ વારંવાર ગંભીર વિવાદોમાં આવી રહ્યાં છે. અમુક સંપ્રદાયોના સ્વામીઓ તો લગભગ બેકાબુ જેવી સ્થિતિ છે.  હાલ ઉપલેટા તાલુકાના ખીરસરા ગામના સ્વામિનારાયણ ગુરુકુળના ધર્મસ્વરૂપદાસ સ્વામીજી અતિ ગંભીરકાંડમાં ફસાયા છે. આગોતરા જામીન માટે પણ ફાંફા પડી રહ્યા છે.

સંપ્રદાયના સ્વામમીઓને રાત્રીનું મોં જોવાની પણ મનાઈ છે. ધર્મસ્વરૂપ જેવું નામ ધરાવતાં આ સ્વામીએ ગેસ્ટ હાઉસમાં એક યુવતી સાથે લગ્ન કરીને દુષ્કર્મ આદર્યાનો ગંભીર આરોપ છે. આ કાંડ બાદ સ્વામી ફરાર થઈ ગયા છે. હાઈકોર્ટે આગોતરા જામીન ફગાવી દીધી છે.

બ્રહ્મચારી ગણાતા સ્વામીએ ફેસબુકના માધ્યમથી યુવતીને ફસાવીને કાંડ કર્યાની ફરિયાદ થઈ છે. આવા કાંડો વારંવાર બને છે. ધર્મસ્વરૂપો જ ધર્મને  જ કુરૂપ કરી રહ્યાં છે. સનાતનને ગંદો થતો અને બદનામ થતો અટકાવવા ધર્મધુરંધરોએ મેદાનમાં આવવું જરૂરી છે, પરંતુ આ અંગે કોઈને કંઈ પડ જ ન હોય તેવો માહોલ છે. ધર્મ આપણી ધરોહર છે. ધરોહર ધ્રુજી જાય તો આપણે સલામત રહી ન શકીએ. હવે લોકોએ જ જાગૃત બનવું જરૂરી છે.

સ્વામીઓના કાંડો વધતા જાય છે. આ માટે અનેક કારણો હોય છે. પરંતુ આપણામાં રહેલો પરમાત્મા-દેવી-દેવતાઓથી મોટું કોઈ નથી. તેમના પ્રત્યે દ્રઢતા અને નિષ્ઠા જરૂરી છે. મોટાભાગના સ્વામીઓ સંપ્રદાયોમાં પરમાત્માને બદલે વ્યક્તિ પૂજાનું મહત્વ વધી ગયું છે.

ભકતો પણ ભગવાનને પડતા મુકીને સાધુઓ-સ્વામીઓ કથાકારો પાછળ પાગલ બન્યા છે.

આ કારણે આવા લોકો હવામાં ઉડવા લાગ્યા છે. પદ-પૈસો-પ્રસિધ્ધી વગેરેનો અપચો સ્વામી-સાધુઓ-કથાકારોને થયો છે. પોતાને ઈશ્વરથી મોટા અને કાયદાથી પર માનવા લાગ્યા છે. ધર્મક્ષેત્રમાં રહીને રાક્ષસીકાંડ કરતા પણ અચકાતા નથી.

લોકોએ જ સનાતન સુધારણા કાર્ય આદરવું પડશે. પરમાત્મા કે કોઈ દેવી દેવતાઓએ કોઈ માણસની નિમણૂંક પોતાના એજન્ટ કે દલાલ તરીકે કરી નથી. મહાત્માઓના ચરણોમાં આળોટવાને બદલે પરમતત્વના ચરણોમાં  સમર્પણ કરવું અનિવાર્ય બન્યું છે. આ ઉપરાંત સંપ્રદાયોને રૂપિયાથી ધરવી દેવાની પણ જરૂર નથી. સંસાર છોડનારાને સમૃધ્ધિ-સુવિધા-સાધનોની જરૂર ન હોય, એમણે સાધના જ કરવાની હોય છે. સ્વામીઓ ધર્મથી ફંટાય તો ભકતોએ તેમની દવા કરવી જરૂરી છે.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# સુપ્રીમે યુપી સરકારને ૬ અઠવાડિયામાં દરેક મકાનમાલિકોને ૧૦ લાખ રૂપિયા આપવા કર્યો આદેશ



વહીવટીતંત્રએ ૨૦૨૧ માં પ્રયાગરાજ માં કેટલાક મકાનો નોટિસ પાઠવ્યાના ૨૪ કલાકની અંદર જ તોડી પાડ્યા હતા

નવીદિલ્હી, તા. ૧

૨૦૨૧ માં કરવામાં આવેલા તોડી પાડવાના કાર્યને ''ક્રૂર'' ગણાવતા, સુપ્રીમ કોર્ટે મંગળવારે ઉત્તર પ્રદેશ સરકાર અને પ્રયાગરાજ વિકાસ સત્તામંડળને છ અઠવાડિયાની અંદર ઘરમાલિકોને ૧૦-૧૦ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો નિર્દેશ આપ્યો. સુપ્રીમ કોર્ટે ૨૪ માર્ચે આપેલા તારણ બાદ આ ચુકાદો આવ્યો હતો કે યુપી વહીવટીતંત્રે ૨૦૨૧ માં પ્રયાગરાજમાં કેટલાક મકાનો તેમના રહેઠાણકોને નોટિસ પાઠવ્યાના ૨૪ કલાકની અંદર તોડી પાડ્યા હતા. ન્યાયાધીશ અભય એસ ઓકા અને ઉજ્જલ ભુયાનની બેન્ચે કહ્યું હતું કે તે પોતાના ખર્ચે તેમના પુનર્નિર્માણની મંજૂરી આપશે. અરજદારોના વકીલે કહ્યું હતું કે રાજ્ય સરકારે ખોટી રીતે મકાનો તોડી પાડ્યા હતા અને એવું માનીને કે જમીન ગેંગસ્ટર-રાજકારણી અતીક અહેમદની છે, જે ૨૦૨૩ માં પોલીસ એન્કાઉન્ટરમાં માર્યા ગયા હતા. અપીલકર્તાઓના જણાવ્યા અનુસાર, ૧ માર્ચ, ૨૦૨૧ ના રોજ જારી કરાયેલ ડિમોલિશન નોટિસ તેમને ૬ માર્ચ, ૨૦૨૧ ના રોજ બજાવવામાં આવી હતી અને તેમના મકાનો ૭ માર્ચ, ૨૦૨૧ ના રોજ તોડી પાડવામાં આવ્યા હતા, તેમને યુપી શહેરી આયોજન અને વિકાસ અધિનિયમની કલમ ૨૭(૨) હેઠળ અપીલ અધિકારી સમક્ષ પડકારવાની વાજબી તક આપ્યા વિના. સુપ્રીમ કોર્ટ એડવોકેટ ઝુલ્ફીકાર હૈદર, પ્રોફેસર અલી અહેમદ અને અન્ય લોકો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરી રહી હતી જેમના મકાનો તોડી પાડવામાં આવ્યા હતા. અલ્હાબાદ હાઈકોર્ટે તોડી પાડવાને પડકારતી તેમની અરજી ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટે ૨૪ માર્ચે પ્રયાગરાજમાં મકાનોના ''ક્રૂર'' તોડી પાડવા બદલ ઉત્તર પ્રદેશ સરકારની ટીકા કરતા કહ્યું હતું કે તેનાથી તેના અંતરાત્માને આંચકો લાગ્યો છે. ન્યાયાધીશ અભય એસ ઓકા અને ઉજ્જલ ભુઈયાની બેન્ચ એડવોકેટ ઝુલ્ફિકર હૈદર, પ્રોફેસર અલી અહેમદ અને અન્ય લોકોની અરજી પર સુનાવણી કરી રહી છે જેમના મકાનો તોડી પાડવામાં આવ્યા હતા. અલ્હાબાદ હાઈકોર્ટે તોડી પાડવાને પડકારતી તેમની અરજી ફગાવી દીધી. સુપ્રીમ કોર્ટે અગાઉ પ્રયાગરાજમાં કાયદાની યોગ્ય પ્રક્રિયાનું પાલન કર્યા વિના તોડી પાડવા બદલ ઉત્તર પ્રદેશ સરકારની ટીકા કરી હતી અને કહ્યું હતું કે તેનાથી ''આઘાતજનક અને ખોટો સંકેત'' મળ્યો છે. અરજદારોના વકીલે કહ્યું હતું કે રાજ્ય સરકારે ખોટી રીતે મકાનો તોડી પાડ્યા હતા, એવું વિચારીને કે જમીન ગેંગસ્ટર-રાજકારણી અતીક અહેમદની છે, જે ૨૦૨૩ માં પોલીસ એન્કાઉન્ટરમાં માર્યા જશે. સુપ્રીમ કોર્ટ એડવોકેટ ઝુલ્ફીકાર હૈદર, પ્રોફેસર અલી અહેમદ અને અન્ય લોકો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરી રહી હતી જેમના મકાનો તોડી પાડવામાં આવ્યા હતા. અલ્હાબાદ હાઈકોર્ટે તોડી પાડવાને પડકારતી તેમની અરજી ફગાવી દીધી હતી. અરજદારોને પ્રયાગરાજ જિલ્લાના લુકરગંજ ખાતે અમુક બાંધકામોના સંદર્ભમાં ૬ માર્ચ, ૨૦૨૧ ના રોજ નોટિસ ફટકારવામાં આવી હોવાનું કહેવાય છે.

# સરકાર જાતિ ગણતરી - વસ્તી ગણતરીના મુદ્દાઓ પર મૌન રાખે છે : ખડગે

### કોરોના મહામારી છતાં, વિશ્વના ૮૧ ટકા દેશોમાં વસ્તી ગણતરીનું કામ પૂર્ણ થઈ ગયું છે. પરંતુ ભારતમાં વસ્તી ગણતરીમાં રેકોર્ડ વિલંબ થયો છે.

નવીદિલ્હી, તા. ૧

કોંગ્રેસ પાર્ટીએ વસ્તી ગણતરી અને જાતિ વસ્તી ગણતરીનો મુદ્દો ઉઠાવ્યો છે. કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષ અને રાજ્યસભા સાંસદ મલ્લિકાર્જુન ખડગેએ મંગળવારે રાજ્યસભામાં આ મુદ્દા પર પોતાના વિચારો વ્યક્ત કર્યા. સરકાર પર નિશાન સાધતા તેમણે કહ્યું કે સરકાર જાતિ ગણતરી અને વસ્તી ગણતરી જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર મૌન જાળવી રહી છે. ખડગેએ કહ્યું કે વસ્તી ગણતરીનું કામ વિશ્વયુદ્ધ અને ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન પણ પૂર્ણ થયું હતું, પરંતુ આજે તેમાં વિલંબ થઈ રહ્યો છે. તેમણે રાજ્યસભામાં જણાવ્યું હતું કે કોરોના મહામારી છતાં, વિશ્વના ૮૧ ટકા દેશોમાં વસ્તી ગણતરીનું કામ પૂર્ણ થઈ ગયું છે. પરંતુ ભારતમાં વસ્તી ગણતરીમાં રેકોર્ડ વિલંબ થયો છે. રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું કે આપણા દેશમાં દર ૧૦ વર્ષે થતી વસ્તી ગણતરી સૌપ્રથમ ૧૮૮૧ માં શરૂ કરવામાં આવી હતી. તેમણે રાજ્યસભામાં કહ્યું કે યુદ્ધ અને અન્ય કટોકટી જેવી બધી પ્રતિકૂળ અને કટોકટીની પરિસ્થિતિઓમાં પણ વસ્તી ગણતરીનું કાર્ય ચાલુ રહ્યું. તેમણે કહ્યું કે ૧૯૩૧ ની વસ્તી ગણતરી ૨૬ જાન્યુઆરી ૧૯૩૧ ના રોજ શરૂ થઈ હતી. ત્યારબાદ આ વસ્તી ગણતરી એક વર્ષ સુધી ચાલી. આ જ સમયગાળા દરમિયાન જાતિગત વસ્તી ગણતરી પણ હાથ ધરવામાં આવી હતી.

ખડગેએ રાજ્યસભામાં કહ્યું કે આ સમય દરમિયાન મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે જેમ આપણે આપણા શરીરની સમયાંતરે તબીબી તપાસ કરાવવી પડે છે, તેવી જ રીતે કોઈ રાષ્ટ્રની વસ્તી ગણતરી એ રાષ્ટ્રની સૌથી મહત્વપૂર્ણ પરીક્ષા છે. રાજ્યસભામાં બોલતા, વિપક્ષના નેતાએ કહ્યું કે રાષ્ટ્રીય વસ્તી ગણતરીના કાર્યમાં મોટી સંખ્યામાં લોકો સામેલ છે. આ ખૂબ જ મહત્વપૂર્ણ કાર્ય છે. વસ્તી ગણતરી દ્વારા ઘણો મહત્વપૂર્ણ ડેટા એકત્રિત કરવામાં આવે છે. આ દ્વારા, વસ્તી, રોજગારના આંકડા,



પરિવારોની સ્થિતિ, સામાજિક-આર્થિક પરિસ્થિતિઓ સહિત ઘણા મહત્વપૂર્ણ પરિમાણોની તપાસ કરવાની રહેશે.

મલ્લિકાર્જુન ખડગેએ રાજ્યસભામાં કહ્યું કે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન પણ વસ્તી ગણતરી કરવામાં આવી હતી. આ સાથે તેમણે કહ્યું કે ૧૯૭૧-૭૨માં ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા યુદ્ધ છતાં વસ્તી ગણતરી હાથ ધરવામાં આવી હતી. વિપક્ષના નેતાએ કહ્યું કે, ખૂબ જ દુઃખદ છે કે ઈતિહાસમાં પહેલીવાર સરકારે વસ્તી ગણતરી કરવામાં રેકોર્ડ વિલંબ કર્યો છે. તેમણે કહ્યું કે જો તમે ઇચ્છો તો વસ્તી ગણતરીની સાથે જાતિ ગણતરી પણ શક્ય છે. મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે તમે જઈ, જાઓનો ડેટા એકત્રિત કરો, આ સાથે અન્ય જાતિઓનો પણ ડેટા એકત્રિત કરી શકાય છે. મલ્લિકાર્જુન ખડગેએ પોતાનો મુદ્દો રજૂ કરતા કહ્યું કે, પરંતુ આ સરકાર જાતિ ગણતરી અને વસ્તી ગણતરીના મુદ્દા પર મૌન છે.

ગૃહમાં માહિતી આપતાં તેમણે કહ્યું કે કોરોના જેવી મહામારી છતાં વિશ્વના ૮૧ ટકા દેશોએ આ દરમિયાન વસ્તી ગણતરીનું કામ પૂર્ણ કરી લીધું છે.

# જમ્મુ કાશ્મીરમાં આતંકીઓ સાથે મુઠભેડ યથાવત

### ચાર પોલીસ કર્મીઓ શહીદ : આંતકીયો તેમનું સ્થળ સતત બદલતા હોવાથી ઓપરેશનમાં પડી રહી છે મુશ્કેલી



નવીદિલ્હી, તા. ૧

જમ્મુ અને કાશ્મીર પોલીસ અને સુરક્ષા દળોએ ૨૭-૨૮ માર્ચની રાત્રે કઠુઆ જિલ્લાના જાખોલે ગામ નજીકના જંગલોમાંથી ભાગી ગયેલા ત્રણ આતંકવાદીઓ સાથે ફરીથી સંપર્ક સ્થાપિત કરવામાં સફળતા મેળવી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે સોમવારે રાત્રે જંગલમાં છુપાયેલા આતંકવાદીઓએ પોલીસ અને સુરક્ષા કર્મચારીઓની સર્ચ પાર્ટી પર ગોળીબાર કર્યો હતો, ત્યારબાદ બંને પક્ષો વચ્ચે ફરી ગોળીબાર શરૂ થયો હતો. બાદમાં, આતંકવાદીઓ ભાગી ન જાય તે માટે જંગલોને ઘેરી લેવામાં આવ્યા હતા. વિગતવાર માહિતીની રાહ જોવાઈ રહી છે, પરંતુ સૂત્રોએ જણાવ્યું હતું કે એક આતંકવાદી માર્યો ગયો છે અને બીજો ઘાયલ થયો છે. મૃતદેહ હજુ સુધી મળ્યો ન હોવાથી સત્તાવાર પુષ્ટિની રાહ જોવાઈ રહી છે. ૨૭ માર્ચે, પોલીસ અને સુરક્ષા દળોએ જંગલોમાં બે આતંકવાદીઓને ઠાર માર્યા હતા. .

ગોળીબાર દરમિયાન, ટેકરીની ટોચ પરથી આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં ચાર પોલીસકર્મીઓ પણ માર્યા ગયા હતા. પંજતીર્થી-બરોટાના જંગલોમાં છુપાયેલા આતંકવાદીઓ પાંચ સભ્યોના જૂથનો ભાગ છે જે તાજેતરમાં પાકિસ્તાન સાથેની આંતરરાષ્ટ્રીય સરહદ પાર કરીને કઠુઆ જિલ્લામાં પ્રવેશ્યા હતા. પોલીસ અને સુરક્ષા દળો દ્વારા તેમને સૌપ્રથમ સનિયાલ ગામ નજીકના જંગલોમાં પડકારવામાં આવ્યા. આતંકવાદીઓ દ્વારા સાનિયાલથી જાખોલે સુધીના ૩૦ કિમીના માર્ગને જોતા, સૂત્રોએ જણાવ્યું હતું કે તેઓ કૈલાશ ટ્રાઈજંક્શન તરફ આગળ વધવાનો પ્રયાસ કરી રહ્યા હતા, જે એક તરફ ઉધમપુર, બીજી તરફ ડોડા અને ત્રીજી તરફ કઠુઆને સ્પર્શે છે.

રવિવારે આતંકવાદીઓએ જાખોલથી લગભગ ત્રણ કિલોમીટર દૂર રાજલુ ગામમાં એક સ્થાનિક રહેવાસીનો દરવાજો ખટખટાવ્યો અને બંદૂકની અણીએ ખોરાકની માંગણી કરી. સુરક્ષા દળોએ આતંકવાદીઓને મદદ કરવાના શંકાના આધારે કેટલીક મહિલાઓ સહિત લગભગ એક ડઝન લોકોને પકડી લીધા છે. સોમવારે, તેઓએ જેલમાં પહેલાથી જ બંધ એક ''ઓવરગ્રાઉન્ડ વર્કર'' ના પરિવારના છ સભ્યોની ધરપકડ કરી.જંગલમાં છુપાયેલા આતંકવાદીઓએ પોતાના ઠેકાણા બદલ્યા બાદ, સુરક્ષા દળોએ તેમને પકડવા માટે અનેક એજન્સીઓ સાથે મળીને ઓપરેશન શરૂ કર્યું છે.

સોમવારે સવારે હવાઈ દેખરેખ અને સ્નિફર ડોગ્સની તૈનાતી સાથે શોધખોળ કામગીરી વધુ તીવ્ર બનાવવામાં આવી હતી, ત્યારબાદ રાત્રે ફરી એન્કાઉન્ટર શરૂ થયું.

## શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

### પ્રાસંગિક

## સૂર્ય સાક્ષીએ અધ્યાત્મનું ખેડાણ કરીને મણિપુર ચક્ર એટલે કે રત્નોનાં નગરની સફરે જઈએ



આજે ચૈત્રી નવરાત્રીના ચોથો દિવસે નવદુર્ગાના ચોથા સ્વરૂપ એટલે કે પૃથ્વી નામના ગર્ભમાંથી પ્રાણીમાત્રને જન્મ આપનારી કુષ્માંડા ને નમન કરીએ. મનુષ્ય પણ એક પ્રાણી જ છે, અને તેના મૂળમાં પણ અન્ય પ્રાણીની જેમ કામ જ કેન્દ્ર બિંદુ છે. એટલે તેની પ્રાણશક્તિને કામ શકિત માંથી રામ શકિત તરફ ઉર્ધ્વગમન કરાવવાની આ આધ્યાત્મિક સફરનું નામ જ કુંડલિની જાગરણ છે. મનુષ્ય તરીકે એને સાત જન્મ મળે છે, પરંતુ અહીં જન્મ લઇ તે રામ શક્તિને જાગૃત કરી રામકામ કે સારા કર્મ કરે તો આ સાતની અવધી લંબાઇ શકે છે, એટલે કે ઈશ્વરને હાથ જન્મ મૃત્યુ હોવા છતાં, મૃત્યુ સમયે તે મુક્તિ ન માંગતા ભક્તિ માંગે છે, અને નરસિંહના પદ મુજબ ભક્તિ તો ભૂતળનો પદાર્થ છે, એટલે એ ફરી અહીં જન્મ લે છે. ગર્ભાવસ્થામાં એને પૂર્વ જન્મના સંસ્કારની સ્મૃતિમાંથી ઉપર ઉઠવાનું હોય છે. પરંતુ આપણે પૂર્વ જન્મ સુધી ન વિચારીએ તો પણ આ જન્મની જ ભૂતકાળની સારી ખરાબ બંને પ્રકારની સ્મૃતિઓ આપણને આગળના ઉજ્જ્વળ જીવન તરફ જતા ઘણીવાર રોકી રાખે છે, અને જીવ વિષય, વાસના કે કામનાઓથી ઘેરાયેલું રહે છે, એને રામ દેખાતો નથી, અને મનુષ્ય માનવી ન બનતાં એક પ્રાણી તરીકે જ અહીંથી વિદાય લે છે. મનુષ્ય અને માનવી બંને એકબીજાના પર્યાય હોવા છતાં આ બંનેમાં આટલો તફાવત છે, એટલે કે માનવી એને જ કહેવાય જે કામ ભાવમાંથી આગળ વધી રામ નામ અને રામ કામ સુધી પહોંચી શકે, અને એ રીતે પોતાના હૃદયમાં માનવતા અજીર્ત કરે. પણ તત્વતઃ રામ એમ અધ્યાત્મિક સફર વગર અંદર હોવા છતાં અનુભવી શકાય નહીં! અધ્યાત્મ એટલે આપણી અંદરનો આત્મા કે પ્રાણ, જે છે ખરો, પણ અદ્રશ્ય છે! એટલે કે તેના હોવાનાં ખૂબ બધાં પ્રમાણ રોજ મળે છે, પણ આજસુધી કોઈએ જોયો નથી! અને એ જ રીતે પરમેશ્વર તત્વ કે જે અધ્યાર છે! એટલે કે સૃષ્ટિ સંચાલન દ્વારા એનાં હોવાનાં પણ પ્રમાણ મળે છે! અધ્યાર એટલે કે કોઈને સાકાર રુપે પ્રતિતિ થઈ છે તો કોઈને નિરાકાર રુપે! માટે આ અદ્રશ્ય અને અધ્યાર તત્વ બંનેને જોડવાથી જ રામ તત્વની અનુભૂતિ થાય! અને આ આખી સફર ને આધ્યાત્મિક સફર કહેવાય કોઈ ને વર્ષો લાગી જાય, તો કોઈને પલભરમાં રામ તત્વની અનુભૂતિ થાય! આજે આપણે આ કુંડલીની જાગરણના સાત ચક્રો માંથી મહત્વનાં ત્રીજા ચક્ર એટલે કે મણીપુર ચક્રની શાસ્ત્રીય રચના જાણી તેને આપણી રીતે જાગૃત કરવાની કોશિશ કરીએ.

આપણી નાભિના પાછળના હિસ્સામાં કરોડરજ્જુ પર સાતેય ચક્રમાં મહત્વનાં એવા મણિપુર ચક્રનું સ્થાન છે. જઠરાગ્નિના સ્થાન પર હોવાથી મણિપુર ચક્ર આપણાં પાચન સાથે સંકળાયેલું ચક્ર છે. અહીંથી ૭૨ હજાર નાડીઓ પસાર થતી હોવાથી નાડી પ્યોરિફિકેશન માટે પણ આ ચક્ર મહત્ત્વનું છે. એનો શાબ્દિક અર્થ પણ એની મહત્તાને દર્શાવે છે. મણિ એટલે કે રત્નો અને પુર એટલે કે નગર. અહીં ધ્યાન કેન્દ્રિત કરવાથી આલ્હાદક આનંદની પ્રતિતિ થાય છે.મણિપુરા ચક્રને દસ પાંખડીઓ ધરાવતું દર્શાવવામાં આવ્યું છે, જેમાં સંસ્કૃત અક્ષરો દા, ધા, ના , તા , થા, ડા, ના , પા , અને ફા છે . મધ્યમાં બીજનો અવાજ રં કે રામ છે .અગ્નિ તત્વથી બનેલુ આ ચક્ર લાલ ત્રિકોણ તરીકે બતાવવામાં આવ્યું છે. બીજ મંત્રનો ઉચ્ચારણ 'રં' એટલે કે રામ છે, આ ચક્રના દેવ રુદ્ર છે.તે લાલ અથવા સફેદ છે, ત્રણ આંખો સાથે, ચાંદીની દાઢી સાથે પ્રાચીન પાસું છે, અને સફેદ રાખથી ઢંકાયેલ છે. આ ચક્ર જાગૃત થાય તો ડર દૂર કરે છે, અને રૂદ્ર દેવ વાઘ ચર્મ અથવા બળદ પર બેઠો છે. રુદ્રની શક્તિ દેવી લાકિની છે, તે કાળો અથવા ઘેરા વાદળી રંગના ત્રણ ચહેરાઓ ધરાવે છે, દરેકમાં ત્રણ આંખો છે; અને ચાર શસ્ત્ર છે. લાકીની પાસે વીજળીનો અવાજ છે, અને લાકીની લાલ કમળ પર બેઠેલી છે.મણિપુરાની દસ પાંખડીઓ ઘેરા-વાદળી અથવા કાળી હોય છે, જેમ કે ભરાયેલા વરસાદી વાદળો જેવા ઘેરા-વાદળી રંગની છે, જોકે આ બધું તંત્ર સાધના માટે જરૂરી છે, આપણે તો જાગરણ માટે આ પાંખડીઓ આધ્યાત્મિક અજ્ઞાન, તરસ , ઈર્ષ્યા , વિશ્વાસઘાત , શરમ , ભય , અણગમો , ભ્રમણા , મૂર્ખતા અને ઉદાસીની વૃત્તિઓ માંથી ઉપર ઉઠવાનો સંકેત કરે છે, એટલું જ્ઞાન પણ પર્યાપ્ત છે. પાંખડીઓ દસ પ્રાણ એટલે કે જે જીવંત પ્રવાહ અને ઉર્જા સ્પંદનનું પ્રતિનિધિત્વ કરે છે, જે મણિપુરા ચક્ર દ્વારા નિયંત્રિત થાય છે. પાંચ પ્રાણ વાયુ છેઃ પ્રાણ, અપાન, ઉડાન, સામન અને વ્યાન. પાંચ ઉપપ્રાણ છેઃ નાગ, કુર્મ, દેવદત્ત, ક્રિકલા અને ધનંજય. મણિપુર ચક્ર સૂર્ય નાડી સાથે સંકળાયેલું છે, અને તેને સક્રિય કરવા સૂર્ય માંથી શક્તિ શોષવાની અને આત્મસાત કરવાની હોય છે, જો તે યથા માત્રામાં સક્રિય થાય તો સૂર્યમાંથી શક્તિ શોષણ કરી તેની જેમ તેજસ્વી અને પ્રભાવશાળી બને છે. આ ઉપરાંત શાસ્ત્રોમાં એને દશચ્છડા, દશદલા પદ્મ, દશપત્ર, દશપતરામ્બુજ, મણિપુરા, મણિપુરાકા, નાભિપદ્મા, નાભિપંકજા નામથી પણ ઓળખવામાં આવે છે, આ થઈ એની શાસ્ત્રીય વાત.

મનુષ્ય જીવનમાં માત્ર તેની શક્તિનો દસમો ભાગ જ વાપરે છે, અને એ રીતે એ માત્ર પ્રાણી બની રહી જાય છે. મેડીકલ સાયન્સ પણ માને છે કે માણસના મગજની પાછળના અને આગળના સેરીબ્રેલનો જ વિકાસ થયેલ છે પોન્સ, થેલેમસ, હાઈપોથેલેમસ, પિનિયલ અને પિટ્યુટરી ગ્રંથિનો વિકાસ નથી થયો, અને તેના કાર્યોની પણ બહુ ઓછી ખબર છે. પણ વિજ્ઞાનનો જ્યાં અંત છે ત્યાંથી જ આધ્યાત્મિક વિજ્ઞાન શરૂ થાય છે, અને એ જ આપણને મનુષ્ય નામના પ્રાણી માંથી માનવી બનાવી શકે. યોગશાસ્ત્ર મુજબ કરોડરજ્જુનાં બીજા અને ત્રીજા મણકા વચ્ચે કંદ નામનું હાડકું ઉંધા ત્રિકોણના રૂપમાં આવેલ છે. હાડકાંની ફરતે કુંડલિની પોતાના મુખથી પોતાની પૂંછડી પકડીને બેઠેલ સાપ જેમ હોય છે. આપણે આપણી અંદર ઈચ્છા નામની એક સર્પિણી પાળીએ છે, અને આપણી ઈચ્છા શક્તિ જ આપણને મનુષ્યમાંથી માનવી બનવા દેતી નથી, એ તરફ આપણું ધ્યાન કેન્દ્રિત થાય તો આ સાત ચક્રો માંથી કુંડલીની જાગરણ થાય કે ના થાય, પણ માનવી પણું થોડું થોડું આવી શકે! એટલે કે વિશેષ કર્મ થાય કે ન થાય, પણ ખોટા કામ કરવાનું બંધ થાય! ખોટા રાગ દ્વેષ, ખોટા વિચારો, અને ઈર્ષા નિંદા જ અજ્ઞાનને વધારે છે, અથવા તો જ્ઞાનને પ્રવેશવા નથી દેતી, એ તરફ આપણું ધ્યાન કેન્દ્રિત કરીએ તો સૂર્ય શક્તિ રૂપી સકારાત્મકતા જીવનમાં આવે, અને આપણું જીવન પણ સોનેરી કે તેજસ્વી બની શકે. આ ઉપરાંત આ ચક્ર જઠર આગળ સ્થાન ધરાવે છે, અને અગ્નિ તત્વ મુખ્ય હોવાથી તેને જઠરાગ્નિ રૂપે જોઈએ, તો આપણો જેટલો જઠરાગ્નિ હોય અને જે સારી રીતે પચાવી શકે, આપણી શરીરની તાસીર અને આપણાં પ્રદેશની આબોહવા મુજબનો પૌષ્ટિક અને સાદો આહાર ગ્રહણ કરવાથી સ્વાદને નામે પોષાતાં વિકારોથી બચી શકાય છે. હવે ઉનાળો શરૂ થતો જાય છે ત્યારે વધું પડતાં ઠંડાં પદાર્થથી જઠરાગ્નિ મંદ પડી જાય, તેમજ પ્રકૃતિ એ ગરમ એવાં તેજ તીખાં પદાર્થ પણ લેવા નહીં ,નહીં તો કાયમ માટે પિત્તની તકલીફ શરૂ થઈ જાય. યોગની શાસ્ત્રીય પદ્ધતિ અનુસાર આપણે મણીપુર ચક્રને સક્રિય કરી સૂર્ય શક્તિને આત્મસાત કરી શકીએ તો એ ઘણું ઉત્તમ છે બાકી આપણી ઈચ્છા શક્તિ કે કામના શક્તિને રામ શક્તિ તરફ વાળી શકીએ એટલે કે સ્વ માંથી સર્વ તરફ જતી દિશામાં જીવનને વાળી શકીએ, તો પણ ઘણું! બાકી ચૈત્રીના ઉગતા સૂર્યપ્રકાશનો વધુને વધુ લાભ લઈને જીવન રત્ન જેમ પ્રકાશિત કરીને સચ્ચિદાનંદ સ્વરૂપે રામને અંતરમાં જન્માવીએ. જય સીયારામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

ગઠીયાઓ ગામના ગરીયા ફેરવવા અપનાવી રહ્યા છે જુના-નવા નુસ્ખાઃ ચેતશો નહિ તો પછતાસો

# લંડન-ન્યુઝીલેન્ડના વર્ક પરમીટના નામે ૪૨ લાખની ગઠીયાગીરી

## બીજા એક કિસ્સામાં ડાન્સર યુવાનને વિક્રમ ઠાકોરના ભાઇનો રોલ ફિલ્મમાં અપાવવાના નામે કરી લેવાઇ ઠગાઇઃ સોશિયલ મિડીયામાં જાહેરાત આપી ફ્રોડ આચરાયું

રાજકોટઃ વિદેશના વિઝા અને વિદેશમાં નોકરીના બહાને સતત ઠગાઇના કિસ્સા બની રહ્યા છે. આવા બનાવો રોજબરોજ નોંધાઇ રહ્યા હોવા છતાં લોકો જાગૃત થતાં ન હોવાથી વધુ એક ઘટના સામે આવી છે. જેમાં લડન, ન્યુઝીલેન્ડના સ્ટુડન્ટ અને વર્ક પરમીટ વીઝા અપાવવાના નામે કન્સલ્ટન્સીનો સંચાલક સાડા એકતાલીસ લાખનો ચુનો લગાવી ગયો છે. બીજી તરફ ફિલ્મમાં વિક્રમ ઠાકોરના ભાઇનો રોલ અપાવવાનું કહી એક ઉગતા કલાકાર સાથે ઠગાઇ કરવામાં આવી છે.

ફ્રોડની પ્રથમ ઘટના જોઇએ તો સુરતના પારલે પોઇન્ટ વિસ્તારમાં આવેલી યુ.વીન કન્સલ્ટન્સી દ્વારા વિદેશ મોકલવાની લાલચ આપી ૪૨.૬૧ લાખની મોટેભાગની ઠગાઈ કરવામાં આવી હોવાનો ખુલાસો થયો છે. ન્યૂઝીલેન્ડ અને લંડનનો સ્ટુડન્ટ વિઝા તેમજ વર્ક પરમિટ અપાવવાના બહાને કન્સલ્ટન્સી સંચાલક અને એજન્ટો દ્વારા એક યુવતી અને બે યુવાનો સાથે છેતરપિંડી કરવામાં આવી હતી. આ મામલે સુરત ક્રાઇમ બ્રાંચમાં ચાર આરોપીઓ સામે ફરિયાદ દાખલ થઇ છે. ભાટપોર નંદલાય રેસીડેન્સીમાં રહેતી ૨૮ વર્ષીય સલોની હેમંતભાઇ વશી, જે ખાનગી કંપનીમાં નોકરી કરે છે, લંડન જવા માંગતી હતી. ૨૦૨૩માં તેણે સોશિયલ મીડિયા પર પારલે પોઇન્ટ સ્થિત રાજહંસ ઓરનેટમાં આવેલી યુ.વીન કન્સલ્ટન્સીની જાહેરાત જોઈ હતી. આ કન્સલ્ટન્સી વિદેશમાં વિઝા અને વર્ક પરમિટ અપાવવાની ગેરંટી આપતી હોવાના દાવા કરતી હતી.

આ ઉપરાંત સલોની કન્સલ્ટન્સીમાં એજન્ટ સૌરભ મહેતા તથા સંચાલક પ્રતિક પવાર અને સાધના પવારને મળી. તેમણે સ્ટુડન્ટ વિઝા માટેની માહિતી આપીને વધુમાં લંડનમાં વાર્ષિક રૂ.૨૮ લાખની નોકરી મળે એવી લાલચ આપી. વિશ્વાસમાં આવી ગયેલી સલોનીએ ટુકડે-ટુકડે રૂ.૨૮.૫૧ લાખ આપી દીધા.

જોકે, કન્સલ્ટન્સીએ માત્ર ઝૂમ પર ઓનલાઈન ઈન્ટરવ્યૂ કરાવી ભ્રમમાં રાખી અને પછી અલગ-અલગ કંપનીઓના ઓફર લેટર મોકલ્યા હતા. બઆ જ કન્સલ્ટન્સી દ્વારા કિશન કિશોરભાઇ ઘરસંડીયાને ન્યુઝીલેન્ડની વર્ક પરમિટ અપાવવાની લાલચ આપી રૂ. ૫.૫૦ લાખ તથા પરેશ નારાયણ જાનીને યુ.કેની વર્ક પરમિટ અપાવવાના બહાને રૂ. ૮.૬૦ લાખ પડાવી લેવામાં આવ્યા હતા. બાદમાં આરોપીઓ દ્વારા ડોક્યુમેન્ટ વેરિફિકેશન અને અન્ય બહાના બનાવી સમય પસાર કરાયો અને છેલ્લે કન્સલ્ટન્સી ઓફિસ




બંધ કરી નાસી ગયા. સલોની વશીએ આખરે સુરત ક્રાઇમ બ્રાંચમાં ફરિયાદ નોંધાવતા પોલીસે યુ.વીનના સંચાલક પ્રતિક જયેન્દ્રસિંહ પવાર, સાધના જયેન્દ્રસિંહ પવાર, વિરલ કિરણ વશી અને સોનીયા રાઠોડ વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

છેતરપીંડીની બીજી એક ઘટના જોઇએ તો વુધે એક વખત સોશિયલ મિડીયાનો ઉપયોગ ઠગાઇમાં થયો છે. વોટ્સએપ ગ્રૂપમાં કોરિયોગ્રાફર, ડાન્સર, મોડલિંગ અને એક્ટિંગ કરી શકે તેવા માણસોની જરૂર હોવાની ગઠિયાએ જાહેરાત મૂકી હતી, જેમાં યુવક સંમત થતા તેને ફિલ્મમાં વિક્રમ ઠાકોરના નાના ભાઈનો રોલ આપવાનું કહી શૂટિંગ માટે ગોવા જવાની વાત કરી ગઠિયાએ સત્તર હજાર પાંચસો પડાવી લીધા હતાં. રકમ નાની છે પણ આ ઘટના લાલબત્તી સમાન છે.

સરસપુરમાં રહેતા તુલસીભાઈ શ્રીમાળીનો બાવીસ વર્ષનો દિકરો ઋત્વિક ડાન્સ ક્લાસમાં નોકરી કરે છે. તેમના સમાજના એક વોટ્સએપ ગ્રૂપમાં પ્રદીપ પંડ્યા નામના માણસે કોરિયોગ્રાફર, સિંગર, એક્ટિંગ અને મોડલિંગ કરી શકે તેવા માણસો જોઈએ છે તેવી જાહેરાત મૂકી હતી. તે જોઈને તુલસીભાઈએ તેને ફોન કરતા પ્રદીપ પંડ્યાને ફોન કરીને ઋત્વિકને તેના પ્રોડકશન હાઉસમાં કોરિયોગ્રાફર તરીકે નોકરી રાખવાની વાત કરી હતી. આથી પ્રદીપે કહ્યું હતું કે આમ તો રજિસ્ટ્રેશન ફી રૂ.૧૧ હજાર છે, પરંતુ આપણા સમાજના છોકરાં માટે રૂ.૫૫૦૦ છે.

બાદમાં તુલસીભાઈએ ઓનલાઈન રૂ.૫૫૦૦ ભર્યા હતા. ત્યાર બાદ પ્રદીપે ફોન કરીને કહ્યું હતું કે વિક્રમ ઠાકોર અને મમતા સોની સાથેની એક ફિલ્મ બનવાની છે, જેમાં તમારા દીકરાનો વિક્રમ ઠાકોરના નાના ભાઈનો રોલ છે. અઠવાડિયામાં શૂટિંગ માટે ગોવા જવા નીકળવાનું છે. તમે ફલાઈટની ટિકિટના બાર હજાર ટ્રાન્સફર કરજો.

આથી તુલસીભાઈએ તે પૈસા પણ ટ્રાન્સફર કરી દીધા હતા. ત્યાર બાદ શૂટિંગ કેન્સલ થયું હોવાનું કહીને ગલ્લાતલ્લા કરતો હતો. લાંબા સમય સુધી પ્રદીપ પંડ્યાએ આ રૂ.૧૭,૫૦૦ પાછા આપ્યા ન હતા અને ઋત્વિકને કામ પણ અપાવ્યું ન હતું. આથી આ અંગે તુલસીભાઈએ શહેરકોટડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસનું કહેવું છે કે પ્રદીપ પંડયાએ આ રીતે ઘણા બધા લોકો પાસેથી પૈસા પડાવ્યા હોવાની માહિતી મળી છે. પોલીસે આ દિશામાં તપાસ હાથ ધરી છે. પોતાના પ્રોડક્શન હાઉસમાં કોરિયોગ્રાફી કરાવવા માટે પ્રદીપ પંડ્યા લોકો પાસેથી રૂ.૧૧ હજાર રજિસ્ટ્રેશન ફી લેતો હતો.

જ્યારે સમાજનાં છોકરાં પાસેથી રૂ.૫૫૦૦ લેતો હોવાની વાત કરી હતી. જોકે રજિસ્ટ્રેશન ફી ભરવામાં લોકોને સરળતા રહે તે માટે પ્રદીપ પંડ્યા ગ્રૂપમાં જ ગૂગલ પે સ્કેનર મોકલતો હતો.

તુલસીભાઈ પાસેથી બંને વખત પ્રદીપે તે જ રીતે પૈસા લીધા હતા. પોલીસ આ ગઠીયાને શોધી રહી છે.

ભેદભરમ સર્જતી બે ઘટનાએ પોલીસને ઘંઘે લગાડીઃ બંને મર્ડર મિસ્ટ્રી ઉકેલવા મથામણ

# એકલા રહેતાં યુવાનની ક્રુર હત્યા મિત્ર જ શંકાના પરિઘમાં

## બીજી ઘટનામાં અલગ અલગ જગ્યાએથી માનવ દેહના ટૂકડા મળ્યાઃ મૃતક કોણ? હત્યા કોણે ક્યાં કરી? તે રહસ્ય ઉકેલવા ટીમો લાગી કામે




રાજકોટઃ ભેદ હત્યાની વધુ બે ઘટના સામે આવી છે. જેમાં એક બનાવમાં એકલાવાયુ જીવન જીવતાં યુવાનને બેફામ માર મારી મોતને ઘાટ ઉતારી દેવાયો છે. આ ઘટનામાં તેનો જ મિત્ર શંકાના દાયરામાં આવ્યો હોઇ પોલીસ તેને શોધી રહી છે. બીજી ઘટનામાં ભેદભરમ સર્જાયા છે. જેમાં એક પછી એક માનવ દેહના ટુકડા મળી રહ્યા હોઈ આ મર્ડર મિસ્ટ્રી ઉકેલવા પોલીસની ટીમો કામે લાગી છે.

હત્યાની પ્રથમ ઘટના પર નજર કરીએ તો અમરેલી નજીક આવેલા સરંભડા ગામે એક યુવાનની હત્યાનો બનાવ બનવા પામ્યો છે. પોલીસને પહેલા તો કોઈ અજાણ્યા શખ્સોએ હત્યા કરી હોવાનો શક હતો. પણ પાછળથી આ બનાવ અંગે પોલીસે આ હત્યા એના મિત્રએ જ કરી હોવાના શક સાથે આ કથિત મિત્રને હસ્તગત કરી પ્રાથમિક પૂછપરછ ચાલુ કરી છે. ઘટનામાં મૃતક યુવાનના મૃતદેહને ફોરેન્સિક તપાસ માટે ભાવનગર મોકલાયો હતો. અમરેલી તાલુકાના સરંભડા ગામમાં એક ચકચારી હત્યાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે મૃતકના ભત્રીજા અમરેલી કોર્ટમાં વકીલાત કરતા એડવોકેટ અનિલભાઈ ધનસુખભાઈ હરિયાણીએ પોલીસમાં ફરિયાદ કરી છે. તેણે જણાવ્યું હતું કે તે ગામમાં આંટો મારવા નીકળ્યા હતા એ વખતે ગામના સરપંચ મળ્યા હતા અને તેણે કહ્યું હતું કે તારા કાકા રમેશભાઈ હરિયાણી શરદભાઈ કાછડિયાના ઘરે ચોકડીની બાજુમાં પડયા છે.

એ પછી સરપંચ અને પોતે શરદભાઈ કાછડિયાના ઘરે ગયા હતા પણ ડેલા પર તાળુ હતું. જેથી બાજુમાં રહેતા વિપુલભાઈ કાનપરિયાના મકાનની અગાસીમાં ઉપર ચડીને ઘટનાસ્થળે જોતા તેના કાકા ગોદડું ઓઢાડેલી હાલતમાં પડેલા હતા . જે ઉંચકાવીને જોતા એને અનેક ઘા લાગ્યા હતા. આથી પોલીસને ઘટનાની જાણ કરી હતી. આ ઘટનામાં સરંભડા ગામમાં રહેતા ચાલીસ વર્ષીય રમેશભાઈ હરીયાણીની હત્યા થઈ છે. આ હત્યા તેના જ મિત્ર દ્વારા અનેક ઘા મારીને કરવામાં આવી હોવાની પોલીસને શક છે. મૃતદેહ મિત્રના રહેણાંક મકાન પાસેથી મળી આવ્યો હતો. પોલીસને શરૂઆતથી શંકા હોવાથી પોલીસે આરોપીને હસ્તગત કર્યો હતો અને આ ઘટનામાં સઘન પૂછપરછ ચાલુ કરી હતી. આ અંગે ડીવાયએસપી ચિરાગ દેસાઈએ જણાવ્યું હતું કે હત્યાનો ભોગ બનનાર રમેશ હરીયાણી એકલવાયું જીવન જીવતા હતા . મૃતક રમેશ ગુલાબ નામના મિત્રના ઘરે અવારનવાર રોકાતો હતો. સામાન્ય વાતમાં બોલાચાલી થઈ હોય અને બોલાચાલી મારામારી સુધી પહોંચી હોવાથી રમેશ હરીયાણીનું મોત થયુ હોય તેમ પોલીસ માની રહી છે. ફોરેન્સિક પોસ્ટમોર્ટમ બાદ પોલીસ આગળ કાર્યવાહી કરશે.

બીજી તરફ ભરૂચમાં સતત ત્રણ દિવસથી માનવ શરીરના ટુકડા મળવાની ઘટનાએ સમગ્ર ભરૂચ પંથકમાં હાહાકાર મચાવ્યો છે. પહેલા ગટર લાઈનમાં એક શખ્સનું કપાયેલું માથું મળી આવ્યું હતું. ત્યારબાદ કાળી થેલીમાં કમરથી ઘૂંટણ સુધીનો ભાગ અને એ પછી જમણો હાથ મળી આવ્યો હતો. વળી હવે ડાબો હાથ મળી આવ્યો છે. ત્યારે આ વ્યક્તિની ક્રૂર હત્યા કોણે કરી છે તેને લઈ પોલીસ પર ગોથે ચડી છે. વિવિધ ટીમો બનાવીને પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ભરૂચની દૂધધારા ડેરી પાસેથી ભોલાવ જીઆઇડીસી તરફ જતી વરસાદી કાંસની ગટરમાં એક શખ્સનું ગળેથી કપાયેલું માથું શ્વાન ખેંચી લાવતાં ભારે ચકચાર મચી ગઈ હતી. મૃતકની ઓળખ મેળવવા પોલીસ હજુ પ્રયાસ કરી રહી હતી. ત્યાં જ રવિવારે તેનાથી ત્રણસો મીટર દૂર તે જ વરસાદી કાંસની ગટરમાંથી કમરથી ઘૂંટણ સુધીનો ભાગ ભેરલી એક પ્લાસ્ટિકની થેલી મળી આવી હતી. ચોવીસ કલાકની અંદર જ માનવઅંગોના બે કટકા મળી આવતા પોલીસ પર ચોંકી ગઈ હતી.

આ ઘટનામાં પોલીસે હજુ મૃતક વિશે વધુ તપાસ કરી રહી હતી ત્યાં ભોલાવ જીઆઈડીસી સામે આવેલા સેઝ-૨ની ગટરમાંથી મૃતકનો જમણો હાથ મળી આવ્યો હતો. જે બાદ આજે સોમવારની સવારે પણ ત્યાંથી જ કાળી થેલીમાં મૃતકના ડાબા હાથનો ભાગ મળી આવ્યો હતો. જેના કારણે પ્રાથમિક દ્રષ્ટિએ માલૂમ પડે છે કે, કોઈએ આ વ્યક્તિની ક્રૂરતાપૂર્વક હત્યા કરી પોલીસને ગુમરાહ કરવા તેના શરીરનાં અંગો કાપી અલગ-અલગ સ્થળે નાખ્યા હોવાનું લાગી રહ્યું છે. પોલીસે આખી ગટરમાં શોધખોળ શરૂ કરી હતી. ઉપરાંત મૃતક કોણ છે, ક્યાંનો છે? તેની ઘાતકી રીતે હત્યા કરી તેના અંગોના ટુકડાઓ કરીને અલગ-અલગ સ્થળે ફેંકનાર હત્યારો કોણ છે? આવા તમામ સવાલોના જવાબો મેળવવા માટે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

આ મામલે ભરૂચ શહેર ડીવાયએસપી સી.કે. પટેલે જણાવ્યું હતું કે આ વ્યક્તિનું મોત કઈ રીતે થયું છે તે માટે પેનલ ડોક્ટર પાસે પીએમ કરાવવામાં આવ્યું છે. મૃતકનો બીજાં અંગો શોધવા માટે અને મૃતક કોણ છે તે દિશામાં સી ડિવિઝન પીઆઈ વામન ભરવાડે તપાસ હાથ ધરી છે. પોલીસની અલગ અલગ ટીમો બનાવી તે વિસ્તારમાં લગાવેલા સીસીટવીના ફૂટેજ ચકાસવા સાથે ટેકિન્કલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી તપાસ હાથ ધરવામાં આવી છે. વધુમાં જિલ્લામાંથી ગુમ થયેલા વ્યક્તિઓની યાદી મંગાવી તે દિશામાં પણ તપાસ હાથ ધરી છે.


PUBLIC ANNOUNCEMENT

THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSES ONLY AND IS NOT A PROSPECTUS ANNOUNCEMENT AND DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE TO SECURITIES. NOT FOR RELEASE, PUBLICATION OR DISTRIBUTION DIRECTLY OR INDIRECTLY, OUTSIDE INDIA. INITIAL PUBLIC OFFERING OF EQUITY SHARES ON THE SME PLATFORM OF THE STOCK EXCHANGE IN COMPLIANCE WITH CHAPTER IX OF THE SECURITIES AND EXCHANGE BOARD OF INDIA (ISSUE OF CAPITAL AND DISCLOSURE REQUIREMENTS) REGULATIONS, 2018, AS AMENDED ("SEBI ICDR REGULATIONS").

UMIYA MOBILE

Please scan this QR code to view the Draft Prospectus

# UMIYA MOBILE LIMITED

Our Company was originally incorporated under the name *"Umiya Mobile Private Limited"* under the provisions of the Companies Act, 1956 vide Certificate of Incorporation dated December 31, 2012, issued by the Registrar of Companies, Gujarat, Dadra and Nagar Haveli. Subsequently, the status of the Company was changed to public limited and the name of our Company was changed to *"Umiya Mobile Limited"* vide special resolution passed by the shareholders at the Extra Ordinary General Meeting held on December 23, 2024. The fresh certificate of incorporation consequent to conversion was issued on January 28, 2025, by Assistant Registrar of Companies/ Deputy Registrar of Companies/ Registrar of Companies, Centralised Processing Centre. The Corporate Identification Number of our Company is U32202GJ2012PLC073173.

**Registered Office:** Plot No. 3, Ward No.7, C.S. No. 5805, Vhora Aghat NR PDM COM. College, Opp. Lathiya Motors, Gondal Road, Rajkot-360004, Gujarat, India | **Tel:** +91 73593 39209 | **Contact Person:** Mr. Vinay B Karkera, Company Secretary and Compliance Officer
**E-mail:** investors@umiyamobile.in | **Website:** www.umiyamobile.com | **Corporate Identity Number:** U32202GJ2012PLC073173

**OUR PROMOTERS: MR. JADWANI KISHORBHAI PREMJIBHAI, MR. JADVANI GIRISHKUMAR PREMJIBHAI AND MR. VIJESH PREMJIBHAI PATEL.**

**INITIAL PUBLIC OFFER OF 37,70,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹10/- EACH ("EQUITY SHARES") OF UMIYA MOBILE LIMITED ("UML" OR "OUR COMPANY" OR "UMIYA" OR "THE ISSUER") FOR CASH AT A PRICE OF ₹ 66/- PER EQUITY SHARE INCLUDING A PREMIUM OF ₹ 56/- PER EQUITY SHARE ("ISSUE PRICE") AGGREGATING TO ₹ 2,488.20 LAKHS ("THE ISSUE"), OF WHICH 1,90,000 EQUITY SHARES AGGREGATING TO ₹ 125.40 LAKHS WILL BE RESERVED FOR SUBSCRIPTION BY MARKET MAKER TO THE ISSUE ("MARKET MAKER RESERVATION PORTION"). THE ISSUE LESS THE MARKET MAKER RESERVATION PORTION i.e., NET ISSUE OF 35,80,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10/- EACH AT A PRICE OF ₹ 66/- PER EQUITY SHARE AGGREGATING TO ₹ 2,362.80 LAKHS ("NET ISSUE"). THE ISSUE AND THE NET ISSUE WILL CONSTITUTE 26.51% AND 25.18% RESPECTIVELY OF THE POST ISSUE PAID UP EQUITY SHARE CAPITAL OF THE COMPANY.**

This Issue is being made through the Fixed Price Process, in terms of Rule 19(2)(b)(i) of the SCRR this Issue is being made for at least 25% of the post-Issue paid-up Equity Share capital of our Company. This Issue is being made through Fixed Price process in accordance and compliance with Chapter IX and other applicable provisions of SEBI ICDR Regulations wherein a minimum 50% of the Net Issue is allocated for Individual Investors who applies for minimum application size and the balance shall be offered to applicants other than Individual Investors who applies more than minimum application size and other investors including corporate bodies or institutions, QIBs and Non-Institutional Investors. However, if the aggregate demand from the Individual Investors is less than 50%, then the balance Equity Shares in that portion will be added to the other than individual portion offered to the remaining investors including QIBs and NIIs and vice-versa subject to valid applications being received from them at or above the Issue Price. Additionally, if the Individual Investors category is entitled to more than 50% on proportionate basis, the Retail Individual Investors shall be allocated that higher percentage. All potential investors shall participate in the Issue only through an Application Supported by Blocked Amount ("ASBA") process including through UPI mode (as applicable) by providing details of the respective bank accounts and / or UPI IDs, in case of UPI Applicants, if applicable, which will be blocked by the Self Certified Syndicate Banks ("SCSBs") for the same. For details in this regard, specific attention is invited to "Issue Procedure" beginning on page 297 of the Draft Prospectus.

This Public announcement is being made in compliance with the regulation 247 of SEBI ICDR Regulation, 2018 read along with SEBI ICDR (Amendment) Regulation, 2025 and applicability of corporate governance provisions under SEBI (LODR) Regulations, 2015 on SME Companies for fulfilling all additional criteria, the DP filed with the SME Platform of BSE Limited (BSE SME) shall be made available to the public for comments, if any, for a period of at least 21 days, from the date of such filing by hosting it on the website of the BSE at www.bseindia.com, and the website of the Company at www.umiyamobile.com, and at the website of LM i.e. Smart Horizon Capital Advisors Private Limited at www.shcapl.com. Our Company hereby invites the members of the public to give their comments to Stock Exchange, to Company Secretary and Compliance Officer of our Company and /or the LM at their respective addresses mentioned below. All comments must be received by BSE SME and/or our Company and/or LM in relation to the issue on or before 5 p.m. on the 21st day from the aforesaid date of filing the Draft Prospectus with BSE SME.

Investments in equity and equity-related securities involve a degree of risk and Bidders should not invest any funds in the Issue unless they can afford to take the risk of losing their investment. Bidders are advised to read the risk factors carefully before taking an investment decision in the Issue. For taking an investment decision, Bidders must rely on their own examination of our Company and the Issue, including the risks involved. The Equity Shares in the Issue have not been recommended or approved by the Securities and Exchange Board of India (**"SEBI"**), nor does SEBI guarantee the accuracy or adequacy of the contents of the Draft Prospectus. Specific attention of the investors is invited to *"Risk Factors"* on page 27 of the Draft Prospectus.

Any decision to invest in the Equity Shares described in the Draft Prospectus may only be made after the Prospectus has been filed with the RoC and must be made solely on the basis of such Prospectus as there may be material changes in the Prospectus from the Draft Prospectus.

The Equity Shares, when offered, through the Prospectus, are proposed to be listed on SME Platform of BSE Limited.

For details of the main objects of the Company as contained in its Memorandum of Association, see *"History and Certain Corporate Matters"* on page 144 of the Draft Prospectus. The liability of the members of the Company is limited. For details of the share capital and capital structure of the Company and the names of the signatories to the Memorandum of Association and the number of shares subscribed by them see *"Capital Structure"* on page 63 of the Draft Prospectus.

| BOOK RUNNING LEAD MANAGER | REGISTRAR TO THE ISSUE | COMPANY SECRETARY AND COMPLIANCE OFFICER |
|---|---|---|
| SMART HORIZON CAPITAL ADVISORS PVT. LTD.<br>**SMART HORIZON CAPITAL ADVISORS PRIVATE LIMITED**<br>*(Formerly Known as Shreni Capital Advisors Private Limited)*<br>B/908, Western Edge II, Kanakia Space, Behind Metro Mall, Off Western Express Highway, Magathane, Borivali East, Mumbai - 400066, Maharashtra, India.<br>**Tel No:** 022 - 28706822<br>**Investor Grievance E-mail:** investor@shcapl.com<br>**Email:** director@shcapl.com<br>**Website:** www.shcapl.com<br>**Contact Person:** Mr. Parth Shah<br>**SEBI Registration No.:** INM000013183 | Bigshare Services Pvt. Ltd.<br>**BIGSHARE SERVICES PRIVATE LIMITED**<br>Office No. S6-2, 6th Floor, Pinnacle Business Park, Next to Ahura Centre, Mahakali Caves Road, Andheri East, Mumbai – 400 093, Maharashtra, India \| **Tel:** 022 - 6263 8200<br>**E-mail:** ipo@bigshareonline.com<br>**Investor grievance e-mail:** investor@bigshareonline.com<br>**Website:** www.bigshareonline.com<br>**Contact Person:** Mr. Asif Sayyed<br>**SEBI Registration No.:** INR000001385 | UMIYA MOBILE<br>**Mr. Vinay B Karkera**<br>**Address:** Plot No. 3, Ward No.7, C.S. No. 5805, Vhora Aghat NR PDM COM. College, Opp. Lathiya Motors, Gondal Road, Rajkot-360004, Gujarat, India<br>**Tel. No.:** +91-73593 39209<br>**Email:** investors@umiyamobile.in<br>**Website:** www.umiyamobile.com<br>Investors can contact our Company Secretary and Compliance Officer, Lead Manager or Registrar to the Issue, in case of any pre issue or post issue related problems, such as non- receipt of letter of allotment, non- credit of allotted Equity shares in the respective beneficiary account, non-receipt of refund orders and non-receipt of funds by electronic mode etc. |

All capitalized terms used herein and not specifically defined shall have the same meaning as ascribed to them in the Draft Prospectus.

**For UMIYA MOBILE LIMITED**
**On behalf of the Board of Directors**
**Sd/-**
**Mr. Vinay B Karkera**
**Company Secretary and Compliance Officer**

**Place:** Rajkot
**Date:** April 01, 2025

**UMIYA MOBILE LIMITED** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to undertake an initial public offer of its Equity Shares and has filed the DP dated March 31,2025 with BSE SME. The DP is available on the website of BSE at www.bseindia.com and on the website of the LM, i.e. Smart Horizon Capital Advisors Private Limited at www.shcapl.com and the website of our Company at www.umiyamobile.com. Potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see the section titled "Risk Factors" beginning on page 27 of the Draft Prospectus. Potential investors should not rely on the Draft Prospectus filed with BSE SME for making any investment decision.

The Equity Shares offered in the Issue have not been and will not be registered under the U.S. Securities Act of 1933 (the **"U.S. Securities Act"**) or any state securities laws in the United States, and unless so registered, and may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable U.S. state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold only outside the United States in offshore transactions in reliance on Regulation S and the applicable laws of the jurisdictions where those offers and sales are made.

There will be no public offering of the Equity Shares in the United States.

AdBaaz

હસતાં રમતાં સાવ અચાનક આવી ગયું એક પરિવારના લાડકવાયાને કાળનું તેડું

# ટ્રેનમાંથી ફેંકાયેલી બોટલ વિદ્યાર્થી માટે બની મોત

## ચૌદ વર્ષનો ટાબરીયા બે મિત્રો સાથે શાપર વેરાવળના પાટા પાસે રમતો હતો ત્યારે બનાવઃ મોતનું કારણ જાણવા કરાયું ફોરેન્સિક પોસ્ટમોર્ટમઃ એકના એક દિકરાને ગુમાવનાર પરિવારમાં માતમ

રાજકોટઃ કેટલાક બનાવો એવા વિચીત્ર અને ચોંકાવનારા બનતા હોય છે કે લોકો પણ અચંભામાં મુકાઇ જતાં હોય છે. વધુ એક આવી ઘટના બની છે. જેમાં રેલ્વેના પાટા નજીક બે મિત્રો સાથે રમી રહેલા ચૌદ વર્ષના બાળક ઉપર કોઇએ ચાલુ ટ્રેનમાંથી પાણી ભરેલી પ્લાસ્ટીકની બોટલનો ઘા કરતાં આ બોટલ બાળકની છાતીમાં લાગી જતાં તેનું ઘટના સ્થળે જ મોત થતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. બોટલ કોણે ફેંકી? ખરેખર બાળકનું મોત કઇ રીતે થયું? તે જાણવા શાપર પોલીસે તપાસનો ધમધમાટ આદરી મૃતદેહનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. એકના એક દિકરાને ગુમાવનારા મુળ મધ્યપ્રદેશના પરિવારમાં આ ઘટનાથી શોક વ્યાપી ગયો હતો.

અરેરાટી ઉપજાવતી આ કરૂણ ઘટનાની વિગતો પર નજર કરીએ તો રાજકોટ જીલ્લાના શાપર વેરાવળમાં એક વિચીત્ર અને ચોંકાવનારી ઘટના બની છે. જેમાં વેરાવળ રેલ્વેના પાટા પાસે બે મિત્રો સાથે રમી રહેલા ધોરણ-પમાં ભણતાં ચૌદ વર્ષના બાળક પર ચાલુ ટ્રેનમાંથી કોઇએ પાણી ભરેલી પ્લાસ્ટીકની બોટલ ફેંકતા આ બાળકને છાતીમાં બોટલ લાગતાં તે ઘટના સ્થળે જ ઢળી પડ્યો હતો અને તેનું મોત થયું હતું. વિશેષ માહિતી અનુસાર શાપર વેરાવળના શાંતિધામમાં રહેતો ચૌદ વર્ષનો બાદલ સંતોષભાઇ સિંગ બપોરે ત્રણેક વાગ્યે વેરાવળના રેલ્વેના પાટા નજીક બેભાન થઇ ઢળી પડ્યાની જાણ તેની સાથે રમવા ગયેલા બાળકો મારફત થતાં બાદલના પિતા સંતોષભાઇ ધનસહાય સિંગ, માતા ભાગ્યવતી સહિતના પરિવારજનો દોડી ગયા હતાં. કોઇએ ૧૦૮ બોલાવતાં તેના તબિબે આ બાળકને મૃત જાહેર કરતાં કલ્પાંત સર્જાયો હતો.

બનાવની જાણ થતાં શાપર પોલીસે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી હતી. આ રીતે બોટલનો ઘા છાતીમાં લાગતાં મોતને ભેટેલા બાળક બાદલના પિતા સંતોષ સિંગે કહ્યું હતું કે મારે સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. જેમાં દિકરો બાદલ મોટો હતો અને શાંતિધામમાં



જ આવેલી જયશ્રી વિદ્યાલયમાં ધોરણ-પમાં ભણતો હતો. અમે મુળ મધ્યપ્રદેશના વતની છીએ, પણ અહિ બાવીસ વર્ષથી રહીએ છીએ. હું ફેબ્રીકેશનનું કામ કરુ છું. સોમવારે શાળામાં ઇદની રજા હોઇ બાદલ બપોરે બે વાગ્યે ઘરેથી

### અપમૃત્યુની અન્ય બે ઘટનામાં ત્રણ વર્ષની બાળકીનું ઉલ્ટી થયા બાદ અને યુવાનનું ભુલથી એસિડ પી ગયા બાદ થયું મોત

નજીકમાં મહાદેવના મંદિર પાસેના બગીચે રમવા, હીંચકા ખાવા જવાનું કહીને બે મિત્રો સાથે નીકળ્યો હતો. જો કે ત્યાંથી બાદમાં ત્રણેય મિત્રો વેરાવળ રેલ્વે લાઇન પાસે રમવા પહોંચી ગયા હતાં. જ્યાં બપોરે ત્રણેક વાગ્યે મારો દિકરો ગૌતમ બેભાન થઇ ઢળી પડ્યો હતો અને મોત થયું હતું. આ બનાવ કઇ રીતે બન્યો? તે અંગે સાથેના મિત્રોને પુછતાં કહ્યું હતું કે ગોંડલ તરફથી રાજકોટ તરફ જઇ રહેલી ટ્રેનના પહેલા ડબ્બામાંથી કોઇએ પ્લાસ્ટીકની પાણી ભરેલી બોટલનો ઘા કર્યો હતો.

આ ઘા એટલો જોશથી આવ્યો હતો કે બોટલ બાદલની છાતીમાં ભટકાતાં જ બાદલ ગડથોલીયુ ખાઇને પડી ગયો હતો. મારા દિકરાને કોઇએ જાણી જોઇને આ બોટલ ફટકારી દીધી કે કેમ? તેની તપાસ કરવા મારી માંગણી છે. તેમ વધુમાં પિતા સંતોષ સિંગે કહેતાં પોલીસે મૃતદેહનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું છે. ટ્રેનમાંથી આ રીતે બોટલ કોણે ફેંકી? બોટલના ઘાથી મોત થયું કે ડરી જતાં હ્રદય બેસી જવાથી? તેની તપાસ શાપર પોલીસ કરી રહી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ પોલીસ આગળ કાર્યવાહી કરશે. એકના એક દિકરાના મોતથી પરિવારજનો શોકમાં ડુબી ગયા હતાં. આ ઘટનાએ શાપર વેરાવળમાં પણ ચકચાર સાથે અરેરાટી ફેલાવી દીધી હતી.

અપમૃત્યુના બીજા બનાવમાં મોરબી રોડ પર રહેતાં પરિવારની ત્રણ વર્ષની દિકરીનું ઉલ્ટી થયા બાદ મૃત્યુ થતાં ગમગીની વ્યાપી ગઇ હતી. સોહમનગરમાં રહેતાં ભાવેશભાઇ પરમારની દિકરી રક્ષીતા કે જે ત્રણ જ વર્ષની હતી તેણીની તબિયત બગડતાં સારવાર માટે ઝનાના હોસ્પિટલમાં ખસેડાતાં બાળકોના વિભાગમાં દાખલ કરવામાં આવી હતી. પરંતુ સારવાર દરમિયાન તેણીનું મૃત્યુ થતાં હોસ્પિટલ મારફત બી-ડિવીઝન પોલીસને જાણ થતાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. મૃત્યુ પામનાર બાળકી એક ભાઇથી નાની હતી. તેના પિતા ખાનગી બેંકમાં પ્યુન તરીકે નોકરી કરે છે. લાડકી દિકરીના આ રીતે અણધાર્યા મૃત્યુથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

ત્રીજા બનાવમાં સોમનાથ વેરાવળમાં મોટા કોળીવાસમાં રહેતાં છત્રીસ વર્ષના સુરેશભાઇ બાલુભાઇ વાયલુ નામના યુવાન એસિડ પી જતાં વેરાવળ સારવાર અપાવી રાજકોટ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ ગત સાંજે મૃત્યુ થતાં પરિવારમાં શોક વ્યાપી ગયો હતો. બનાવની જાણ થતાં ગાંધીગ્રામ પોલીસે પ્રાથમિક કાર્યવાહી કરી કાગસળો વેરાવળ પોલીસને મોકલ્યા હતાં. મૃત્યુ પામનાર સુરેશભાઇ બે બહેનના એકના એક નાના ભાઇ હતાં. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. તેણે ભુલમાં બોટલમાં ભરેલુ એસિડ પી લીધાનું સ્વજને જણાવતાં પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

# પ્ર. નગર પોલીસ દ્વારા ગુંડા તત્વો વિરૂધ્ધ શિક્ષાત્મક પગલા

## નજીર ઉર્ફે મુન્ના ઠાસરીયા સહિતના ૬ જેટલા ગેરકાયદે દબાણ પર ફર્યું બુલડોઝર



રાજકોટ મિરર તા.૧

શહેરમાં પ્ર,નગર પોલીસ સ્ટેશન વિસ્તારમા વહીવટી તંત્રના માધ્યમથી અસમાજીક ગુંડા તત્વો વિરૂધ્ધ કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગત મુજબ ડી.જી. ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરીસ્થીતી જળવાય, લોકોમા સુરક્ષા અને સલામતી અનુભવાય, સ્થાનીક પોલીસ અને વહીવટી તંત્રના માધ્યમથી અસમાજીક ગુંડા તત્વો વિરૂધ્ધ કડક શિક્ષાત્મક કાર્યવાહી થાય તે હેતુથી કાર્યવાહી કરવા જણાવ્યું હતુ. તે દરમિયાન રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા, નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ જગદીશ બાંગરવા, મદદનીશ પોલીસ કમિશ્નર પશ્ચિમ વિભાગ રાધીકા ભારાઈએ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરીસ્થીતી જળવાય, લોકોમા સુરક્ષા અને સલામતી અનુભવાય અને સ્થાનીક પોલીસ અને વહીવટી તંત્રના માધ્યમથી અસમાજીક ગુંડા તત્વો વિરૂધ્ધ કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવા આદેશો આપ્યા હતા. જે અન્વયે પ્ર.નગર પોલીસ સ્ટેશનના પી.આઈ. વી.આર.વસાવાના માર્ગદર્શન મુજબ પોલીસ સ્ટેશન વિસ્તારમા રહેતા અસામાજીક તત્વોમાં નજીર ઉર્ફે મુન્ના અલ્લારખાં ઠાસરીયા (ઉ.વ.૪૮ રહે. ભીલવાસ શેરી નં.૦૨ ફુલછાબ ચોક પાસે, ગીરનાર ટોકીઝની પાછળ રાજકોટ) શહેરવાળા વિરૂધ્ધમા રાજકોટ શહેરના અલગ-અલગ પોલીસ સ્ટેશનમા ૬ જેટલા પ્રોહિબીશનના ગુન્હા હોય તેમજ આ શખ્શો ગેરકાયદેસર દબાણ ધરાવતા હોય જે બાબતે રાજકોટ મહાનગર પાલીકા અને નાયબ ઈજનરે પીજીવીસીએલના અધીકારી અને કર્મચારીને સાથે રાખી ગેરકાયદેસર દબાણ અને એક ગેરકાયદેસર વીજ કનેકશન મળી આવતા દુર કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. આ કામગીરી પી.આઈ. વી.આર.વસાવા અને પ્ર.નગર પોલીસ સ્ટેશન ટીમ દ્વારા કરાઈ હતી.

# ૨૪મીએ જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ

## ૧૦મી સુધીમાં ફરિયાદો મોકલી દેવા અનુરોધ

રાજકોટ મિરર, તા.૧

- રાજય સરકાર દ્વારા જિલ્લા કક્ષાનાં પ્રશ્નોના જિલ્લામાં જ નિરાકરણ મળી રહે તે માટે ''ફરિયાદ નિવારણ દિવસ નું આયોજન કરવામા આવે છે. જે અંતર્ગત આગામી સ્વાગત કાર્યક્રમ તા.૨૪-૦૪-૨૦૨૫નાં રોજ યોજાનાર છે. આ કાર્યક્રમ માટેનાં જિલ્લા કક્ષાના પ્રશ્નો ફરિયાદો તા.૧૦-૦૪-૨૦૨૫ સુધીમાં સંબંધિત ખાતા-વિભાગોની જિલ્લા કક્ષાની કચેરીનાં વડાને પહોંચતા કરવા સંબંધિત લોકોને જણાવવામાં આવે છે.

જિલ્લા સ્વાગત માટેની અરજીમાં મથાળે ''જિલ્લા ફરિયાદ નિવારણ કાર્યક્રમ'' લખવાનું રહેશે. લાંબા સમયથી આખરી નિકાલ આવતો ન હોય તેવા પડતર પ્રશ્નો જ મોકલવા તથા અગાઉ સંબંધિત ખાતામાં કરેલ રજુઆતનો આધાર રજુ કરવો, તેમના તરફથી આપવામાં આવેલ જવાબ / પ્રત્યુતરની ઝેરોક્ષ નકલ અરજી સાથે રાખવાની રહેશે. અગાઉ રજુ કરેલ પ્રશ્ન બીજી વખત રજુ કરવામાં આવે તો પ્રશ્ન ક્રમાંક, માસનું નામ લખવું.પ્રશ્ન કે અરજીમાં પ્રશ્ન કર્તાનું પુરુ નામ, પુરેપુરુ સરનામું અને ફોન નંબર લખવાનો રહેશે. અરજીમાં અરજદારની સહી હોવી જરૂરી છે.

અરજી સ્પષ્ટ અને મુદ્દાસર સમજી શકાય તેવા આધારો સાથે મોકલવાની રહેશે, અલગ-અલગ વિષય દર્શાવતા પ્રશ્નો, અલગ-અલગ અરજીઓમાં મોકલવાના રહેશે. સરકારી કર્મચારીના નોકરીને લગતા પ્રશ્નો અને કોર્ટમાં ચાલતા પ્રશ્નો રજુ કરી શકાશે નહીં. પ્રશ્ન અરજદારનો પોતાનો હોવો જોઈએ, બીજાનો પ્રશ્ન ધ્યાને લેવાશે નહીં. કોર્ટ મેટર, ચાલતા દાવાઓ, આક્ષેપો, અંગત રાગ-દ્વેષને લગતા પ્રશ્નો ધ્યાને લેવાશે નહીં. તાલુકા કક્ષાના પ્રશ્ન માટે સબંધિત મામલતદારને અરજી કરવાની રહેશે.તા.૧૦-૦૪-૨૦૨૫ બાદ આવેલ પ્રશ્નો કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે નહી જેની દરેક અરજદારોએ નોંધ લેવા તાકીદ કરાઈ છે. જિલ્લા કલેકટર કચેરી, રાજકોટ ખાતે તા. ૨૪-૦૪-૨૦૨૫ના રોજ સવારના ૧૧-૦૦ કલાકે કચેરીના ત્રીજા માળે સભાખંડમાં કલેકટર તથા સંબંધિત ખાતાના અધિકારીઓ મહેસુલી તંત્ર, જિલ્લા પંચાયત, પોલીસ વિભાગ, પી.જી.વી.સી.એલ.,એસ.ટી., પાણી પુરવઠા બોર્ડના પ્રશ્નો સાંભળશે. અન્ય ખાતાના પ્રશ્નો હોય તો તે પ્રશ્નો જે તે ખાતાને જ મુદ્દત હરોળ રજુ કરવા અંગે ખાસ નોંધ લેવા જણાવવામાં આવે છે.

તા.૧૦-૦૪-૨૦૨૫ બાદ આવેલ કે અસંદિગ્ધ અને અસ્પષ્ટ રજુઆતવાળી, નામ સરનામાં વગરની કે વ્યકિતગત આક્ષેપોવાળી તેમજ અરજદારનું હિત સંકળાયેલ ન હોય તેવી તથા કોર્ટ મેટર, આંતરિક તકરાર, નોકરીને લગતી બાબતો, પેન્શન, રહેમરાહે નોકરી, પ્રથમ વખતની અરજી પર કોઈ કાર્યવાહી થઈ શકશે નહીં જેની અરજદારોએ નોંધ લેવા જીલ્લા કલેકટર કચેરીના જનસંપર્ક અધિકારીએ જણાવ્યું છે.

# રાત્રીના ૧૨ પછી રાજકોટમાં પોલીસ પછાડશે ધોકો

## શહેરમાં વકરી રહેલી ગુન્હાખોરીને કાબુમાં લેવા પોલીસ તંત્ર હરકતમાં,

રાજકોટ મિરર, તા.૧

રાજકોટમાં દિન પ્રતિદિન માથું ઊંચકી રહેલી ગુન્હાખોરીને મહદઅંશે હળવી કરવા હવે પોલીસ રાત્રીના ૧૨ પછી ધોકો પછાડશે તે નક્કી છે. પોલીસ કમિશનર સહિતની પોલીસનું માનવું છેકે મોડી રાત સુધી ધમધમતા નાના-મોટા ધંધા સ્થળો ખુલ્લા રહેતા હોવાથી અસામાજિક તત્વોને ગુન્હાખોરી માટે મોકળું મેદાન મળી જતું હોવાનું સાબિત થઇ રહ્યું છે.

શહેરમાં મોટા ભાગના શરીર સંબંધી અને મિલ્કત સંબંધી ગુના રાત્રિના સમય દરમિયાન બનતા હોય છે. રાત્રિના સમયે નશામાં ધૂત શખ્સો બજારમાં આવી સામાન્ય પ્રજા સાથે લુખ્ખાગીરી કરતા હોય છે અને સામાન્ય બાબતોનો ડખ્ખો છેક ગંભીર ઘટનામાં પરિણમતી હોય છે. ત્યારે હવે આ પ્રકારના તત્વો વિરુદ્ધ લડવા પોલીસે માસ્ટર પ્લાન ઘડી કાઢ્યો છે. પ્રાપ્ત વિગત અનુસાર નિયમો નેવે મૂકી મોડી રાત સુધી ધમધમતા પાનના ગલા, ચાની હોટલ, નોનવેજના હાટડા વિરુદ્ધ પોલીસે કાર્યવાહી શરૂ કરી છે.

ક્રાઇમ બ્રાન્ચની ટીમો દ્વારા અલગ અલગ વિસ્તારમાં કોમ્બિંગ કરીને પાનના ગલ્લા, ચાંની હોટેલ બહાર કરવામાં આવતા આડેધડ પાર્કિંગ વિરુદ્ધ કેસો કરવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. ઉપરાંત પાનના ગલ્લા અને ચાની હોટેલ બહાર ડાયરા કરતા શખ્સોંનું ચેકીંગ કરી તેઓ નશામાં હોય તો ગુનો દાખલ કરી લોકઅપરૂપી પાંજરે પુરી નશો ઉતારવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે.

ઉપરાંત ગુનો કરવાની ટેવ ધરાવતા શખ્સોં સહીતની જરૂરિયાત જણાયે અટકાયતી પગલાં લેવાનું પણ શરૂ કરી દેવામાં આવ્યું છે.

પીપલાણા GIDCના કારખાનામાંથી

# રૂ.૫૦ લાખની મશીનરી ચોરનાર રાજકોટનો દિપક ઝડપાયો



### રૂરલ ક્રાઇમ બ્રાંચે દબોચી લીધો : ચોરાઉ માલ લેનારની શોધખોળ

રાજકોટ ,મિરર તા.૧

કોટડા સાંગાણી પાસે પીપલાણા જીઆઇડીસીના કારખાનામાંથી ૬.૪૫ લાખની ડાયની ચોરી થયાની ફરિયાદ નોંધાઈ હતી આ દરમિયાન રૂરલ ક્રાઇમ બ્રાંચે રાજકોટના શખ્સને ઝડપી લઈને તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ ગત તા.૦૧/૧૨/૨૦૨૪ ના રોજ પીપલાણા જી.આઇ.ડી.સી. પાસે આવેલ શીવાંસ ટેકનોકાસ્ટ નામના કારખાનામાં રાત્રીના સમયે અજાણ્યા માણસોએ કારખાનામાં પ્રવેશ કરી અને કારખાનામાંથી ચેઇન ગ્રાઇન્ડર મશીન કિ.રૂ.૫,૦૦૦/- તથા એલ્યુમીનીયમ પેટર્ન (ડાય) જેની કિ.રૂ.૬,૪૫,૫૦૦/- મળી કુલ રૂપિયા ૬,૫૦,૫૦૦/- ના મુદ્દામાલની ચોરી થયાની ફરીયાદ થઇ હતી. રાજકોટ ગ્રામ્ય જીલ્લાના પોલીસ અધિક્ષક હિમકર સિંહએ આ ગુન્હાનો ભેદ ઉકેલી આરોપીઓને તાત્કાલીક પકડી પાડવા અંગે આદેશ કર્યો હતો.

જે અન્વયે એલ.સી.બી. રાજકોટ ગ્રામ્યના પોલીસ ઈન્સ. વી.વી.ઓડેદરા માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. સ્ટાફ દ્વારા આજુબાજુના વિસ્તારના સીસીટીવી ફુટેજ ચેક કરવામાં આવેલ તેમજ કારખાનામાં કામ કરતા તમામ માણસોની પુછપરછ કરવામાં આવી હતી. તે દરમ્યાન એલ.સી.બી. રાજકોટ ગ્રામ્યના પોલીસ સબ.ઈન્સ. એચ.સી.ગોહીલ એ.એસ.આઇ જયવીરસીંહ સી.રાણા, હેડકોન્સ, અનીલભાઇ આર.ગુજરાતી ભગીરથસીં હ કે.જાડેજા અને ધર્મેશભાઇ બાવળીયા,કોન્સ. મહીપાલસીં હ એમ. ચુડાસમા નાઓને હ્યુમન સોર્સીસ તથા ટેકનીકલ એનાલીસીસ થી મળેલ માહીતીના આધારે શખ્શની વોચ તપાસ દરમ્યાન અરડોઇ -કોટડાસાંગાણી રોડ ઉપર હડમતાળા ગામના પાટીયા પાસેથી રાજકોટ નાડોદાનગર ખોખડદળ નદીના કાંઠે લાલભાઇ પારગીના મકાનમાં ભાડેથી તા.જી.રાજકોટ મુળ. ખાંભડા તા.ધાંગધ્રામાં રહેતો દિપક ગુલાબભાઇ ભકોળીયાને પકડી પાડી પુછતાછ કરતા ડાયની ચોરી કર્યાની અને આ ડાય વેચી નાખ્યાની કબુલાત આપતા ચોરાઉ માલ ખરીદનાર શખ્સની શોધખોળ કરી હતી.

# મહિલા સહીત બે બુટલેગરો પાસા તળે જેલમાં ધકેલાયા

## શિવનગરના મગન રોજાસરા અને ચૂનારવાડની મનિષા સોલંકીને ભાવનગર જીલ્લા જેલમાં મોકલાયા

રાજકોટ મિરર, તા.૧

શહેરના શિવનગર, ગ્રીનલેન્ડ ચોકડી વિસ્તારમાં રહેતા અને અગાઉ ઇંગ્લીશ દારૂ સહિતના ૧૩ ગુન્હાઓમાં પકડાયેલ અને બે વખત પાસામા જઈ આવેલા મગન રાયસીંગ રોજાસરાને પાસા તળે ભાવનગરની જેલમાં ધકેલી દેવાયો છે.

પી.સી.બી. પી.આઈ. એમ. આર.ગોંડલીયાએ તેમની પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરને મોકલી હતી. જે પોલીસ કમિશ્નરે મંજુર કરી પાસાનું વોરંટ ઇસ્યુ કર્યું હતું.

જેના આધારે પીસીબી પોલીસે મગનની ધરપકડ કરી ભાવનગર જીલ્લા જેલમાં ધકેલી દીધો છે.

જયારે અગાઉ દેશી દારૂના ગુન્હાઓમાં પકડાયેલ તેમજ પાસની હવા ખાઈ આવેલી લીસ્ટેડ મહીલા બુટલેગર, ચૂનારવાડ શેરી નં ૧, આજી નદીના કાઠે રહેતી મનીષા ઉર્ફે મુન્ની વિનોદ સોલંકીની પાસાની દરખાસ્ત પણ પીસીબીએ તૈયાર કરી પોલીસ કમિશ્નરને મોકલી હતી.

જે મંજુર થઇ જતા મનીષાની પણ પાસા તળે અટકાયત કરીને ભાવનગર જીલ્લા જેલમાં ધકેલી દેવાઈ છે.

પરિવારજનો બહાર ગયા, તસ્કરો અંદર પ્રવેશ્યા

# મુંજકાના શ્રી સીટી એપાર્ટમેન્ટમાં તસ્કરો ત્રાટક્યા

## રૂ.૧.૬૯ની મત્તા ઉસેડી ગયા : ગાંધીગ્રામ-૨ યુની.પોલીસમાં ગુન્હો દાખલ

રાજકોટ મિરર તા.૧

શહેરના મુંજકા ગામમાં આવેલા એપાર્ટમેંટમાં પરિવાર જામ ખંભાળિયા ગયા ત્યાં તસ્કરએ નિશાન બનાવી ૧,૬૯,૩૦૦ની મત્તા ઉસેડી જતા ગાંધીગ્રામ ૨ યુની. પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે તસ્કરની શોધખોળ આદરી છે.

પ્રાપ્ત વિગત મુજબ મુંજકાગામના શ્રી સિટી એપાર્ટમેન્ટમાં રહેતા રવીભાઈ દિલીપભાઈ સોલંકીએ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે ગત તા.૦૮/૦૩/૨૦૨૫ના ઘર પરિવારના તમામ સભ્યો જામખંભાળિયા ખાતે તેમના દીકરા મિવાનની વાળ વિધિ કરવા દાદા રાણાભાઈના ઘરે ગયા હતા અને ત્યાં જ રોકાયા હતા, બાદ તા.૧૪ના રોજ દાદાનું અવસાન થયેલ હોવાથી સંયુક્ત પરિવાર ત્યાં જ રોકાયો હતો. ત્યારબાદ ઓફિસના ડેટા લેવા તા.૧૭ના રાત્રે ૨ વાગ્યા ઘરે ફ્લેટ પર આવ્યા ત્યારે ઘરે આવીને જોયું ત્યારે ફ્લેટનો ડોર ખુલેલો હતો અને ઘરમાં કોઈ ચીજ વસ્તુઓ ચોરાઈ ગઈ હતી.



ત્યારબાદ રાતના સમયે જમવાનું બાકી હોવાથી ઓર્ડર કરી ઓનલાઇન બર્ગર ખાવા માટે મંગાવ્યો હતો અને રાત્રે ૩ વાગ્યે આસપાસ નાસ્તો કરી સુઈ ગયા હતા. સવારે તેમના પત્ની કાજલબેનનો ફોન આવતા તેને જણાવ્યું હતું કે ઘરનો લોક રાત્રે ઘરે આવ્યા ત્યારે ખુલ્લો હતો અને ઘર ખુલ્લું કેમ હતું ? તે પૂછતા કાજલબેનએ જણાવ્યું હતું કે ભૂલથી કદાચ ઘર ખુલ્લું રહી ગયું હશે તેવું બની શકે. આવું જણાવ્યા બાદ તા.૧૭ના સવારના સમયે ૮ વાગ્યા આસપાસ ઓફિસે જતા રહ્યા હતા. બાદ ફ્લેટ પર આવી સવારના ૧૦ વાગ્યા આસપાસ ફ્લેટને ફરીથી લોક મારી જામખંભાળિયા માટે નીકળી ગયા હતા અને તા.૨૪ ના ઘરે પરત ફર્યા ત્યારે દરવાજાનો લોક ખુલ્લો હતો.

જેથી શંકા જતા આજુબાજુમાં રહેતા કુસુમબેન ગજ્જર અને દીકરો નિખિલ બંને ઘર પાસે હાજર હતા ત્યારે પૂછ્યું હતું કે ઘરનો દરવાજો ખુલ્લો કેમ છે ? જેથી બંનેએ જણાવ્યું હતું કે આ બાબતની કોઈ ખબર નથી. ત્યારબાદ ઘરની અંદર તપાસ કરતા ઘરવખરી અસ્તવ્યસ્ત થયેલી જોવા મળી હતી અને કબાટની તિજોરીમાંથી દાગીના જોવા મળ્યા ન હતા. આ દાગીના અંદાજે કુલ રૂ.૧,૬૯, ૩૦૦નું જણાવ્યું હતું. આમ, ૧.૬૯ લાખની મત્તા ચોરી થયાની ફરિયાદ ગાંધીગ્રામ- ૨ યુનિવર્સિટી પોલીસમાં નોંધાવાતા પોલીસે તસ્કરની શોધખોળ હાથ ધરી છે.

# લો-રાઈઝ કે હાઈ-રાઈઝ બિલ્ડીંગમાં અગાસી ક્યારેય બિલ્ડરની માલિકીની ન ગણાયઃ કોર્ટ

## અગાસી-ટેરેસ હંમેશા ફ્લેટ ધારકોની સહિયારી સુવિધાનો ભાગ ગણાય કોર્ટનો ફ્લેટધારકોની તરફેણમાં ચૂકાદો

રાજકોટ મિરર, તા.૧

લો-રાઈઝ કે હાઈ-રાઈઝ ફ્લેટસ કે કોર્મશીયલ શોપ્સનું નિર્માણ કર્યા બાદ વેચાણ કરે ત્યારે બિલ્ડરો દસ્તાવેજમાં એવું લખાવી લેતા હોય છે કે અગાસીમાં ભવિષ્યમાં એફ.એસ.આઈ. મળ્યેથી બાંધકામ કરવાનો હક્ક તેમનો રહેશે. ખરેખર તો આ પ્રકારની વેચાણ દસ્તાવેજમાં દર્શાવવામાં આવતી શરત પબ્લીક પોલીસી વિરૂધ્ધની અને ગેરકાયદે છે. ફ્લેટ ખરીદવાવાળો નાગરીક જયારે બિલ્ડર્સ પાસેથી ફ્લેટ ખરીદ કરે ત્યારે તેની પાસે બીજા કોઈ વિકલ્પસ હોતા નથી અને વેચાણ દસ્તાવેજ સામાન્ય રીતે બિલ્ડર્સ કહે તેની પાસે અને કહે તે મુજબ કરવામાં આવતા હોય છે.

આ એક એવી પરિસ્થિતિ નિર્માણ કરે છે કે જેમાં બિલ્ડર્સનું અધિપત્ય હોય છે. કરારનો કાયદો આવી બાબતને ચલાવી લેતો નથી. જયારથી ગુજરાતમાં લો-રાઈઝ અને હાઈ-રાઈઝ બિલ્ડીંગો બનાવવાનું શરૂ થયું છે ત્યારથી ફ્લેટ ધારકોના હિત માટે થઈને ફ્લેટ ગુજરાત ઓનરશીપ ફ્લેટ એક્ટ-૧૯૪૭૩ લાવવો પડ્યો છે. જે ફ્લેટ ધારકોને બિલ્ડર્સની દાદાગીરી સામે મહદઅંશે રક્ષણ પુરૂ પાડે છે.

હાલના કેસમાં રાજકોટ શહેરમાં યુનિવર્સીટી રોડ ઉપર આવેલ સ્નેહા એપાર્ટમેન્ટ ચાર માળનું લો-રાઈઝ બિલ્ડીંગમાં દરેક માળે બે એમ કુલ આઠ ફ્લેટનું બાંધકામ બિલ્ડર્સ મોતીલાલ જાદવજીભાઈ મેંદપરાએ બનાવ્યું હતું. આ ફ્લેટોના વેચાણ દસ્તાવેજ ૨૦૧૨ના વર્ષમાં કરતી વખતે આ બિલ્ડર્સએ પાંચમાં માળની ખુલ્લી અગાસીમાં ભવિષ્યમાં મળવા પાત્ર એફ .એસ.આઈ.ના કારણે વધારાનું બાંધકામ મંજુર કરવામાં આવશે તો તેવું બાંધકામ બિલ્ડર્સ કરી શકશે અને અગાસીની માલીકી બિલ્ડર્સની રહેશે તેવું લખાવી લીધું હતું. ત્યાર બાદ ૨૦૧૯ના



એડવોકેટ અર્જુન એસ.પટેલ

વર્ષમાં પાંચમાં માળે ત્રણ બેડરૂમ, હોલ, કિચન, ત્રણ ટોયલેટ, વોશ એરીયા પોર્ચ એવા બે ફ્લેટનો બાંધકામનો પ્લાન બિલ્ડર્સ દ્વારા રજુ કરવામાં આવ્યો હતો અને તે પ્લાન તા. ૧૮/૦૯/૨૦૧૯ ના રોજ આસિ. ટાઉન પ્લાનર, રાજકોટ મહાનગરપાલીકા દ્વારા મંજુર કરવામાં આવ્યું હતું. આ બિલ્ડર્સ દ્વારા અગાસીમાં જવા માટેના ડોરનું તાળુ તોડી બાંધકામ કરવા માટેનો સામાન લઈ આવવાનું શરૂ કરાયું હતું. પરિણામે ફ્લેટ ધારકોને આ બાબતની જાણ થતાં આવું બાંધકામ કરવા બિલ્ડર્સને કોઈ અધિકાર નથી અને અગાસી કોમન સુવિધાનો ભાગ છે. તેમજ રાજકોટ મહાનગરપાલીકા દ્વારા મંજુર કરાયેલા બાંધકામનો પ્લાન અને અપાયેલી બાંધકામ પરવાનગી ગેરકાયદેસર ઠરાવવા રાજકોટની સિવિલ કોર્ટમાં દાવો કરાયો હતો. અને વચ્ચગાળાના મનાઈ હુકમની માંગણી કરાઈ હતી.

રાજકોટના સિવિલ પ્રિન્સીપલ સિનિયર સિવિલ જજ સી.વી. રાણાએ મનાઈ હુકમની અરજી મંજુર કરી ઠરાવ્યું હતું કે, પાંચમાં માળની અગાસીનો ઉપયોગ અને ઉપભોગ દરેક ફ્લેટ ઓનર્સ કરે છે અને અગાસીમાં જવા માટેના દરવાજામાં તાળુ મારી દેવાયું છે અને ચાવી દરેક ફ્લેટ ઓનર્સ પાસે છે. એ કારણે જયારે તેઓ અગાસીમાં કપડાં સુકવવા કે અન્ય કોઈ કામ માટે અગાસીનો ઉપયોગ કરવા જવાનું થાય ત્યારે જતાં હોય છે અને અગાસી સહીયારી માલીકીની હોવાથી તેનો કબજો-ભોગવટો સહિયારી સુવિધાના ભાગરૂપે તમામ ફ્લેટ ઓનર્સનો હોવાથી બિલ્ડર્સને તેમાં અડચણ કે અટકાયત કરવાનો કોઈ અધિકાર નથી.

ફ્લેટ ધારકોના એડવોકેટ અર્જુન પટેલ દ્વારા વૃજમોતી કોર્પોરેશન વિ. આંબાવાડી એપાર્ટમેન્ટ ઓનર્સ એશોશીએશનના કેસમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા અપાયેલો ચુકાદો રજુ કરી જણાવ્યું હતું કે, દરેક ફ્લેટ હોલ્ડર્સને કંપાઉન્ડ, પાર્કિંગ, દાદરા અને ટેરેસ વાપરવાનો હક્ક હોય છે અને આ હક્કથી વિરૂધ્ધમાં કરાર કરાયો હોય તો તે પબ્લીક પોલીસી વિરુદ્ધનો ગણાય. તેમજ વેચાણ દસ્તાવેજમાં કોમન ટેરેસ પર ડેવલોપર્સ કે જમીન માલીક બાંધકામ કરી તેનું વેચાણ કરી શકશે અને અગાસીના હક્કો મિલ્કતના મુળ માલીકના રહેશે તેવી શરત વેચાણ દસ્તાવેજમાં લખવામાં આવી હોય તો તે પબ્લીક પોલીસી વિરૂધ્ધની છે તેવું ઠરાવ્યું છે.

આ ચુકાદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત કોર્ટે ધ્યાને લઈ બિલ્ડર્સને પાંચમાં માળે બાંધકામ કરતાં અટકાવવાનો મનાઈ હુકમ કર્યો છે તેમજ ફ્લેટ હોલ્ડર્સને અગાસીનો ઉપયોગ કોમન સુવિધાના ભાગ રૂપે કરવામાં અડચણ કે અટકાયત કરવી નહી તે સંદર્ભે મનાઈ હુકમ ફ્લેટ ધારકોની તરફેણમાં કર્યો છે.

આ કેસમાં કોર્ટમાં દાવો લાવનાર ફ્લેટ ધારકો વતી એડવોકેટ તરીકે રાજકોટના ધારાશાસ્ત્રી અર્જુન એસ. પટેલ, મહેન એમ. ગોંડલીયા, રવિન એન. સોલંકી, ભાર્ગવ એ.પાનસુરીયા અને આકાંક્ષા એચ. રાજદેવ રોકાયા હતા.

# સ્વાતીપાર્ક ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં કેશવ પ્લાસ્ટીકના કારખાનામાંથી દારૂની ૨૪૦ બોટલ ઝડપાઈ

## જયેશ અમીપરાની શોધખોળ કરતી PCB



રાજકોટ મિરર તા.૦૧

શહેરના સ્વાતીપાર્ક ઈન્ડસ્ટ્રીયલ એરીયામાં કેશવ પ્લાસ્ટીક નામના કારખાનામાંથી પી.સી.બી. પોલીસે વિદેશી દારૂની ૨૪૦ બોટલ કબજે કરી જયેશ અમીપરાની શોધખોળ આદરી છે.

પી.સી.બી. પી.આઈ. એમ.આર.ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પી.સી.બીના પોલીસ અધિકારી,કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતા. ત્યારે હેડ.કોન્સ. ફુલદીપસિંહ રામદેવસિંહ, કોન્સ, વિજયભાઈ ઉકાભાઈ, યુવરાજસિંહ ઘનશ્યામસિંહને મળેલ સયુંકત બાતમીના આધારે સ્વાતિ પાર્ક મેઈન રોડ, રાધેશ્યામ ઈન્ડસ્ટ્રીયલ એરીયા, બંધ શેરી કેશવ પ્લાસ્ટીક નામના કારખાના પર દરોડો પાડતા ત્યાંથી પોલીસેને રૂપિયા ૨૪૦૦૦ની દારૂની ૧૮૦ એમએલની ૨૪૦ બોટલ હાથ લાગી હતી. જયારે કારખાનેદાર જયેશ ભીખાભાઈ અમીપરા હાથ ન આવતા તેમની શોધખોળ આદરાઈ છે. પોલીસે કહ્યું હતું કે, આ શખ્શના અગાઉ પણ ભક્તિનગર પોલીસ મથકમાં ગુન્હો નોંધાયેલો છે.

દારૂ દરોડાની કામગીરીમાં પી.સી.બી પી.આઈ. એમ.આર. ગોંડલીયા, પી.એસ.આઈ એમ.જે. હુણ, એ.એસ.આઇ. મયુરભાઈ પાલરીયા, સંતોષભાઈ મોરી, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, હેડ. કોન્સ. કિરતસિંહ ઝાલા, કરણભાઈ મારૂ, ઘનશ્યામસિંહ ચૌહાણ, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદિપસિંહ જાડેજા, રાફુલગીરી ગૌસ્વામી, ગીરીરાજસિંહ જાડેજા,કોન્સ. યુવરાજસિંહ રાણા, વિજયભાઈ મેતા, દેવરાજભાઈ કળોતરા, વાલજીભાઈ જાડા, નગીનભાઈ ડાંગર, હિરેનભાઈ સોલંકી દ્વારા કરવામાં આવી હતી.

# તું અપશુકનીયાળ છો, તારા કારણે અમારો સુપરમાર્કેટ બંધ થઈ ગયોઃ પરિણીતાને ત્રાસ

## શ્યામલ વિહારની જસ્મીનાબેને રાધાનગરમાં રહેતાં પતિ-સાસરિયા વિરૂધ્ધ મહિલા પોલીસ સ્ટેશનમાં દાખલ કરાવી એફઆઈઆર

રાજકોટઃ પરિણીતાને સાસરીયામાં ત્રાસ અપાતા હોવાની ઘટના વચ્ચે વધુ એક બનાવ પોલીસ ચોપડે ચડ્યો છે. જેમાં સત્ય સાઇ હોસ્પિટલ રોડ શ્યામલ વિહાર સોસાયટીમાં રહેતાં જસ્મીનાબેન રાજુકમાર વિરડીયાએ પોતાને પતિ-સાસરિયાએ ત્રાસ આપ્યાની અને માવતરેથી તેડવા ન આવ્યાની ફરિયાદ નોંધાવી છે. તેની ફરિયાદ પરથી પોલીસે તેણીના પતિ નાના મવા રોડ પર રાધાનગર શેરી નં. ૮, પ્રગટેશ્વર મહાદેવ મંદિર સામે રહેતાં રાજકુમાર જેન્તીલાલ વિરડીયા, સસરા જેન્તીલાલ ટપુભાઇ વિરડીયા, સાસુ રમાબેન જેન્તીલાલ વિરડીયા, જેઠ કલ્પેશ જેન્તીલાલ વિરડીયા અનેજેઠાણી ભારતીબેન કલ્પેશ વિરડીયા વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરી છે.

પોતાની ફરિયાદમાં જસ્મીનાબેને જણાવ્યું છે કે મારા લગ્ન તા. ૧૩/૧૨/૧૮ના રોજ કેરાળટી (જેતપુર) ગામે રાજકોટના રાજકુમાર જેન્તીલાલ વિરડીયા સાથે જ્ઞાતિના રિવાજ મુજબ થયા હતાં. લગ્ન બાદ પતિએ ત્રણેક વર્ષ સારી રીતે રાખી હતી. બાદમાં પતિ, સાસુ, સસરા, જેઠ, જેઠાણીએ મારી સાથે મારા માતા-પિતા કે સગા સાથે ફોનમાં વાત કરવીન ના પાડી દીધી હતી. મારા સગા કાકા હરિભાઇ પોપટભાઇ ભંડેરી રાજકોટ રહેતાં હોઇ તેમનુ ઘર નજીકમાં હોઇ તેને ત્યાં જવાની પણ ના પાડી દીધી હતી. સગાઇ થઇ ત્યારે સસરાએ કહેલુ કે લગ્ન બાદ રાજકુમારને સુપરમાર્કેટ ખોલી દેવો છે જે તારે સંભાળવનો છે.

લગ્ન બાદ હું સુપરમાર્કેટની જવાબદારી નિભાવતી હતી પણ તે સારી રીતે ચાલતો ન હોઇ અને પતિ ધંધામાં ધ્યાન દેતા ન હોઇ સુપરમાર્કેટ બંધ કરી દીધો હતો. આથી પતિ-સાસરિયાએ કહેલુ કે તે ધ્યાન ન દેતાં સુપરમાર્કેટ તારા લીધે બંધ થઇ ગયો, તું અપશુકનીયાળ છો કહી મેણા ટોણા ચાલુ કર્યા હતાં. એ પછી દિકરાનો જન્મ થતાં હું આણુ વાળીને આવી ત્યારે છોકરાનો સામાન લેવા જવું હોય તો પતિ સાથે આવતા નહિ અને ગાળો દઇ એકવાર લાફોમ ારી દીધો હતો. હું બધુ મુંગા મોઢે સહન કરતી હતી. છેલ્લે ૬/૧૨/૨૪ના રોજ મારા પિતાજી રાજકોટ આવ્યા હોઇ મને કેરાળી ગામે આટો દેવા તેડી ગયા હતાં.

ત્યાંથી હું અને મારા પિતા મારા કાકાને ઘરે પહોંચ્યા ત્યાં જ પતિ પાછળ આવી જોર જોરથી કહેવા માંડેલ કે તારે કેરાળી જવાનું હતું અહિ કેમ આવી? આમ કહી ઝઘડો કર્યો હતો. એ પછી અમે સમાધાન માટે અરજી કરી હતી.

પણ કોઇ મને તેડવા ન આવતાં અંતે ફરિયાદ કરવી પડી હતી. તેમ વધુમાં તેણીએ કહેતાં મહિલા પોલીસ સ્ટેશનના હેડકોન્સ. કે. આર. ચુડાસમાએ ફરિયાદ દાખલ કરી વિશેષ કાર્યવાહી હાથ ધરી હતી.

**બહેનને નોકરીમાંથી કઢાવ્યાની શંકા હોઈ મનદુઃખ રાખી તૂટી પડ્યાની શક્યતા**

# રાજારામ સોસાયટીના યુવાનને મેટોડામાં સોયેબ નામના શખ્સે છરીના ઘા ઝીંક્યા

રાજકોટઃ અલગ અલગ કારણોસર બનતી મારામારીની ઘટનાઓમાં વધુ એકનો ઉમેરો થયો છે. શહેરની રાજારામ સોસાયટીમાં પાણીના ટાંકા પાસે રહેતાં અને મેટોડામાં પ્રાઇવેટ કંપનીના સુપરવાઇઝર તરીકે નોકરી કરતાં બેતાલીસ વર્ષના યુવાન હર્ષદભાઇ મગનભાઇ ઘાટલીયા પર મેટોડા જીઆઇડીસીના ગેઇટ-૨ પાસે સીટી બસ સ્ટોપ નજીક મેટોડામાં જ રહેતાં મુળ તાલાલાના સોયેબ નામના શખ્સે છરીથી હુમલો કરી છાતી, પેટ, પડખામાં ઘા મારી દેતાં ગંભીર ઇજા પહોંચી છે. હુમલાખોરની બહેનને નોકરીમાંથી કઢાવ્યાની શંકાને આધારે આ હુમલો કરાયો હતો.



સુપરવાઇઝર તરીકે નોકરી કરતાં હર્ષદભાઇને પેટ, છાતી, પડખામાં ગંભીર ઇજા

ઘટનાની વિગતો પર નજર કરીએ તો હર્ષદભાઇ ઘાટલીયા ગઇકાલે ઇદના દિવસે મેટોડા ગેઇટ-૨ પાસે હતો ત્યારે અહિ જ રહેતાં સોયેબે ફોન કરી તું ક્યાં છો? તેમ પુછતાં તેણે ગેઇટ-૨ પાસે હોવાનું કહેતાં થોડીવારમાં જ સોયેબ સહિતના શખ્સોએ રિક્ષામાં આવી હુમલો કર્યો હતો. જેમાં સોયેબે છરીના ઘા મારી દેતાં ગંભીર ઇજા થઇ હતી. માણસો ભેગા થઇ જતાં સોયેબ સહિતના ભાગી ગયા હતાં અને હર્ષદભાઇ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઇ, ચંદ્રસિંહ, ભાવેશભાઇ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇએ મેટોડા પોલીસને જાણ કરી હતી. હર્ષદભાઇએ કહ્યું હતું કે હું શાપરની ખાનગી કંપનીના સુપરવાઇઝર તરીકે મેટોડામાં નોકરી કરુ છું. મારુ કામ અલગ અલગ કંપનીને મજુરો પુરા પાડવાનું હોય છે.

હર્ષદભાઇએ આગળ કહ્યું હતું કે અગાઉ મારી સાથે સોયેબની બહેન પણ આ કંપનીમાં કામ કરતી હતી જેથી હું તેને ઓળખુ છું. જો કે દોઢેક મહિના પહેલા તેને કંપનીમાંથી છુટી કરી દેવામાં આવી હતી. એ પછી તેણીએ પરમ દિવસે મને વારંવાર ફોન કર્યા હતાં પણ મેં રિસીવ કર્યા નહોતાં. તેને નોકરીમાંથી મેં કઢાવ્યાની શંકા હોઇ કદાચ ખાર રાખી ગઇકાલે ઇદના દિવસે તેના ભાઇએ મને ફોન કરી લોકેશન પુછ્યા બાદ તેના મિત્રો સાથે આવી હુમલો કર્યો હતો. મેટોડા પોલીસ તપાસ શરૂ કરી હુમલાખોરની શોધખોળ હાથ ધરી હતી.

**કારચાલકની 'સ્પીડની મજા' વધુ એક પરિવાર માટે બની ગઇ 'સજા'**

# કારની ઠોકરે ત્રણ બહેનના એકના એક ભાઇએ ગુમાવ્યો જીવ

## વિરાણી હાઇસ્કૂલ પાછળ દાલ પકવાન વેંચતા યુવાન બ્રેડ લેવા જતા હતાં ત્યારે કાલાવડ રોડ પર બાઇક સહિત કારની અડફેટે આવી જતાં મોતઃ દસ અને સાત વર્ષના બે સંતાન પિતા વિહોણા થયા

રાજકોટઃ જીવલેણ વાહન અકસ્માતની વધુ એક ઘટના એક પરિવારના મોભીને છીનવી ગઇ છે. બેફામ સ્પીડથી કાર સહિતના વાહનો હંકારનારા પોતાની સ્પીડની મજામાં રાહદારીઓ કે વાહનચાલકો માટે મોટી કજા ઉભી કરી દેતાં હોય છે. આવી જ એક ઘટનામાં બંબાટ ઝડપે દોડી રહેલી કારના ચાલકે બાઇકને ઉલાળી દેતાં બાઇકચાલક અને પાછળ બેઠેલા બહેનને ઇજા થઇ હતી. જેમાં બાઇક ચાલક વિરાણી હાઇસ્કૂલ પાછળ દાળ-પકવાન, વડાપાંઉનો સ્ટોલ ધરાવતાં નિલકંઠ પાર્કમાં રહેતાં ચુમાલીસ વર્ષના શૈલેષભાઇ હાશાનંદભાઇ બુલવાણીને ગંભીર ઇજા થતાં મૃત્યુ થયું હતું. કરૂણતા એ છે કે તેઓ ત્રણ બહેનના એકના એક ભાઇ હતાં અને બે સંતાના પિતા તથા પરિવારનો આધારસ્તંભ હતાં.



વિશેષ વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં તાલુકા પોલીસે મૃતક શૈલેષભાઇના પિત્રાઇ ભાઇ ગાયત્રીનગર ઢોલરીયાનગર-૪માં રહેતાં અને ભક્તિનગર સર્કલ પાસે રાજ પાઉભાજી નામે રેકડી રાખી ધંધો કરતાં તેત્રીસ વર્ષના રાહુલભાઇ રમેશભાઇ બુલવાણીની ફરિયાદ પરથી કાર નં. જીજે૦૩એમઆર-૯૦૬૮ના ચાલક વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો છે. શૈલેષભાઇ અને તેમના ફૂડ સ્ટોલ પર કામ કરતાં સોનલબેન યોગેશભાઇ રાઠોડ રવિવારે સાંજે સ્પ્લેન્ડર બાઇક નં. જીજે૦૩એએસ-૦૩૨૦માં બેસીને કાલાવડ રોડ પર સરાજા રેસ્ટોરન્ટ બેકરી નજીક બ્રેડ-પાઉ લેવા જઇ રહ્યા હતાં ત્યારે યુ-ટર્ન લેતી વખતે કારના ચાલકે બાઇક સહિત બંનેને ઉલાળી દેતાં સોનલબેનનો નજીવી ઇજા સાથે ચમત્કારીક બચાવ થયો હતો.

જ્યારે શૈલેષભાઇને ગંભીર ઇજા થતાં વોકહાર્ટ હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. તેમનું ગત સાંજે સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. તાલુકા પીએસઆઇ એલ. બી. ડીંડોર, કિરીટભાઇ રામાવતે કારચાલક સામે ગુનો નોંધ્યો હતો. મૃત્યુ પામનાર શૈલેષભાઇ ત્રણ બહેનના એકના એક ભાઇ હતાં. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. આધારસ્તંભના મોતથી બુલવાણી પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. મૃત્યુ પામનાર શૈલેષભાઇ પરિવારનો આધારસ્તંભ હતાં. દસ અને સાત વર્ષના બે સંતાને પિતા ગુમાવી દીધા છે. કોઇની સ્પીડની મજા બીજા લોકો માટે કેવી સજા બની જાય છે તેની પ્રતીતી આ ઘટના પરથી થઇ રહી છે.

# નાગરિકે બેન્કે કર્યો ૧૪૪.૭૨ કરોડનો નફો

રાજકોટ મિરર, તા.૧

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. દ્વારા બિઝનેશ રૂ.૧૦,૬૫૭કરોડ અને રૂા. ૧૪૪.૭૨ કરોડના નફા સાથે નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રગતિશીલ પરિણામો રજુ કર્યા છે.

બેંકના ચેરમેન દિનેશભાઈ પાઠક અને વાઈસ ચેરમેન જીવણભાઈ પટેલની સંયુક્ત યાદી જણાવે છે કે, ૩૧ માર્ચ ૨૦૨૫ના અંતિત વર્ષ માટે બેંકે નફો રૂા. ૧૪૪.૭૨ કરોડ નોંધાવેલ છે. જયારે ડિપોઝીટ શુ. ૬,૪૪૩ કરોડ, વિરાણ રૂા. ૪,૨૧૪ કરોડ, બિઝનેશ રૂા. ૧૦,૬૫૭ કરોડ અને સીડી રેશિયો ૬૫.૪૦ ટકા નોંધાયેલ છે. બેંકે સતત પાંચમા વર્ષે ઝીરો નેટ એનપીએનું સ્ટેટસ જાળવી રાખ્યું છે. જે બેંકની આર્થિક સદ્ધરતાનું પ્રતિબિંબ છે.

બેંકની વિવિધ માહિતીમાં જોઈએ તો, સાત દાયકાથી વધુ સમયથી




નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રગતિશીલ પરિણામોરૂપે ૧૦,૬૫૭ કરોડનો વ્યવસાય પણ કર્યો

જનવિશ્વાસની આરાધના કરતી રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. અવિરત પ્રગતિના પંથે આગળ વધી રહી છે.તાજેતરમાં જ બેંક સભાસદ ભેટ વિતરણ શરૂ કર્યું અને ફક્ત ચાર માસના ટૂંકાગાળામાં ૧,૩૭,૦૦૦થી વધુ સભાસદોને સભાસદ ભેટ ઘેર બેઠાં મળી ચુકી છે. અંદાજે ૧,૬૦,૦૦૦થી વધુ સભાસદોએ ભેટને ઓનલાઈન રજીસ્ટર કરાવી છે. રિઝર્વ બેંક ઓફ ઈંડીયાના નિયમો મુજબ અને પોલીસી ડ્રીવન બેંકમાં નાના અને મધ્યમવર્ગને કેન્દ્રમાં રાખી તમામ કામગીરી થાય છે.

ફક્ત ૮ ટકાના નજીવા વ્યાજદરે નવી કાર લેવા માટે લોન, મહિલાઓને ધિરાણમાં વિશેષ લાભ, ઘરનાં ઘરનું સ્વપ્ન સાકાર કરવા હોમ લોન, સોલાર માટેની લોન, ત્વરિત સોના ધિરાણ સુવિધા ઉપલબ્ધ છે. નાગરિક સહકાર જીએસટી સરોગેટ ધિરાણ બાળકોને નાનપણથી જ બેંકિંગ વ્યવહારની ટેવ પડે તે હેતુથી મિશન નેક્સ્ટ જનરેશન, ૧૦ વર્ષથી વધુ અને ૧૮ વર્ષ સુધીના બાળકોને પોતાની સહીથી બેંકિંગ વ્યવહાર કરવાની સુવિધા આપનાર ગુજરાતની સર્વપ્રથમ સહકારી બેંક, મોબાઈલ અને વ્હોટ્સએપ બેંકિંગની સેવાઓ ચોવીસ કલાક છે.

ડિજીટલ ડિજીટલ બેકિંગનો વ્યાપ જોઇએ તો બેંકના કુલ વ્યવહારમાંથી અંદાજે ૯૦ ટકા ડીજીટલી થઈ રહ્યા સાથે કદમ મિલાવતાં, બેંકિંગ સોફ્ટવેરમાં ઈન્ફોસીસ છે. સમયની કંપનીનો ફિનેકલ સોફ્ટવેર ટૂંક સમયમાં કાર્યરત થશે. જેનો વ્યાપક લાભ ગ્રાહક સેવામાં અવશ્ય જોવા મળશે. બેંકની વિવિધ શાખાઓમાં ઈ-લોબી કાર્યરત છે. છેલ્લા ૧૨ વર્ષથી સભાસદોને રૂા. ૧ લાખના અકસ્માત વીમાનું સુરક્ષા કવચ આપેલું છે.

અનેક આયામો થકી 'નાના માણસની મોટી બેંક' સૂત્ર સતત ચરિતાર્થ થાય છે. ડિપોઝીટમાં મહત્તમ વ્યાજદર અને ધિરાણમાં લઘુત્તમ વ્યાજદરને કારણે કોઈપણ આર્થિક વ્યવહાર માટે સભાસદ-ખાતેદારની પહેલી પસંદ રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. છે.'

બેંકના સીઇઓ અને જનરલ મેનેજર વિનોદ કુમાર શર્મા શ્રેષ્ઠ પરિણામોની પરંપરા જળવાઈ રહી તે માટેનો યશ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, બોર્ડ ઓફ મેનેજમેન્ટ, શાખા વિકાસ સમિતિના સભ્યો, ડેલીગેટ, વિશાળ ગ્રાહક વર્ગ, સભાસદ પરિવારજનો અને કર્મઠ કર્મચારીગણને આપતાં સમગ્ર નાગરિક પરિવારનો આભાર માનતા હોવાનું જણાવાયું છે.

# ST બસની હડફેટે યુપીના યુવાનનું મોત

## કોઠારિયા સોલવંટ પાસેનો બનાવઃ બસ ચાલક વિરુધ્ધ ગુન્હો દાખલ

રાજકોટ મિરર તા.૧

શહેરના કોઠારિયા સોલવંટ ફાટક પાસે ગોંડલ હાઈવે એસ.ટી.બસ એ યુવાનને હડફેટે લેતા યુવાનનું મોત થતા પોલીસમાં ફરિયાદ થતા પોલીસે કાયદેસર કાર્યવાહી કરી છે.

પ્રાપ્ત વિગત મુજબ ગાંધીધામ સપનાનગર પ્લોટ નં. બી-૪૭૩ તા. ગાંધીધામ જી. કચ્છ મૂળ રહે.રાની પુરવા ગામ ઈકૌના દેહાત, ઉત્તરપ્રદેશમાં રહેતા રવિકુમાર દેવેન્દ્રકુમાર ચૌહાણએ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે તેઓ છેલ્લા ૧૫ વર્ષથી ગાંધીધામ રહે છે અને તેમના નાનાભાઈ અમરેન્દ્રકુમાર ચૌહાણ મંજુદેવી અને પ્રીતિદેવી બંને સાસરે છે.

ગત તા.૨૯/૦૩/૨૦૨૫ના રાત્રે દસ વાગ્યા આસપાસ તેને તેમના બનેવી-બહેન મંજુદેવી ગાંધીધામના ઘરે હાજર હતા ત્યારે તેમના બનેવી વિશ્રામકુમારના મોબાઈલ પર તેમના કાકા અનિલ કુમાર ચૌહાણનો ઉત્તર પ્રદેશથી ફોન આવ્યો હતો અને જણાવ્યું હતું કે તેમના નાનાભાઈ અમરેન્દ્રકુમાર દેવેન્દ્ર કુમાર ચૌહાણનો રાજકોટમાં રાત્રે ૯ વાગ્યા આસપાસ અકસ્માત થયો છે. જેથી તેઓ બીજા દિવસે સવારે ગાંધીધામથી તેમના બનેવી-બહેન સાથે રાજકોટના સાંજના સમયે આવ્યા ત્યારે ઈમરજન્સીમા દાખલ કર્યા હતા અને બેભાન અવસ્થામાં હતા ત્યારબાદ તા.30/03/૨૦૨૫ના મરણ જાહેર કર્યા હતો અને તપાસ કરતા જાણવા મળ્યું હતું કે તેમના ભાઈનો અકસ્માત કોઠારીયા સોલવંટ ફાટક પાસે ગોંડલ રોડ હાઈવે પર રસ્તો ક્રોસ કરવા જતા દીવથી રાજકોટ આવતી સરકારી એસ.ટી. બસ જેના રજી નં. જીજે ૧૮ ઝેડટી ૦૯૭૨ના ચાલક ભરતભાઈ માલાભાઈ પરમાર હસ્તક આ બસ પૂરઝડપે બેદરકારીથી ચલાવી અને તેમના નાનાભાઈ અમરેન્દ્રકુમાર દેવેન્દ્રકુમાર ચૌહાણને હડફેટે લેતા આજરોજ પોલીસ ફરિયાદ કરતા પોલીસે એસ.ટી. બસ ચાલક સામે કાયદેસર કાર્યવાહી કરી હતી.



મસમોટુ નુકસાનઃ બચી ગયેલા કર્મચારીએ કહ્યું-ગેસ ગરમ થતાં કેમિકલ ઢોળાયુ અને આગ ભભૂકીઃ મેં આગ બુઝાવવા પ્રયાસ કર્યો પણ સફળતા ન મળી

# આગ હી આગ

# કુવાડવા રોડ પર ફેક્ટરી ખાક

## ધુમાડાના ગોટા પાંચ-સાત કિલોમીટર દુર સુધી દેખાયાઃ ફાયર બ્રિગેડના જવાનોએ અઢી કલાકની જહેમત બાદ આગ કાબુમાં લીધી






રાજકોટઃ હાલમાં જ માર્ચ મહિનો પુરો થયો છે. સામાન્ય રીતે આગની ઘટનાઓ માર્ચ મહિનાના અંતમાં વધુ લાગતી હોય છે. અમુક આગ માનવસર્જીત હોવાની ચર્ચાઓ પણ થતી રહેતી હોય છે. જો કે આ વચ્ચે રાજકોટ શહેરમાં વધુ એક આગે મોટુ સ્વરૂપ પકડી લીધું હતું. કુવાડવા રોડ નવાગામ મેંગો માર્કેટ નજીક આવેલા રાજારામ ઈન્ડસ્ટ્રીયલ એરીયામાં આવેલી સાબુ કેમીકલની ફેક્ટરીમાં ભિષણ આગ ભભૂકતાં નાસભાગ મચી ગઇ હતી. આગથી આખી ફેક્ટરીમાં ભારેખમ નુકસાની થઇ હતી. આગ લાગી ત્યારે અંદર એક જ કર્મચારી હોઇ સદનસિબે જાનહાની અટકી હતી. આગ એવી ભયાનક હતી કે પાંચ સાત કિલોમીટર દુરથી ધૂમાડા આકાશમાં દેખાતાં હતાં. ફાયર બ્રિગેડની ટીમોએ અઢી કલાક જહેમત ઉઠાવી આગને કાબુમાં કરી હતી.

વિગતો પર નજર કરીએ તો કુવાડવા રોડ પર મેંગો માર્કેટ નજીક આવેલા ઈન્ડસ્ટ્રીયલ એરીયામાં સાબુ-લિક્વીડ-કેમિકલ બનાવતી ફેક્ટરીમાં આગ ભભૂકી ઉઠતાં અને જોતજોતામાં મોટુ સ્વરૂપ પકડી લેતાં ફાયર બ્રિગેડની સાત ગાઠીઓ દોડી ગઇ હતી અને પાણી તથા લિક્વીડ ફોમનો મારો ચલાવી આગ કાબુમાં લેવા પ્રયાસ હાથ ધર્યો હતો. જો કે અંદર કેમિકલનો જથ્થો મોટા પ્રમાણમાં હોઇ આગે વધુ મોટુ સ્વરૂપ પકડી લેતાં આસપાસની ફેક્ટરીમાંથી પણ મજુરો, કર્મચારીઓ, માલિકો બહાર નીકળી ગયા હતાં. આગ જે. કે. કોટેજ નામની ફેક્ટરીમાં આગ ભભુકી હતી. જે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી ચુકી હતી. આ ફેક્ટરીમાં સાબુ, કેમિકલું ઉત્પાદન થતું હતું. આગની જાણ ફાયર બ્રિગેડને દીપકભાઇ નામની વ્યક્તિએ જાણ કરતાં છ બંબા સાથે ફાયર બ્રિગડના અધિકારીઓ, કર્મચારીઓ, જવાનો દોડી ગયા હતાં અને આગને કાબુમાં લેવા કામગીરી ચાલુ કરી હતી.

જો કે અંદર મોટા પ્રમાણમાં લિક્વીડનો જથ્થો હોઇ આગ વધુ પ્રમાણમાં ફેલાઇ ગઇ હતી. આ કારણે છથી સાત કિલોમીટર સુધી ધુમાડા જોવા મળતાં હતાં. ફેક્ટરીના માલિક દિપકભાઇ જયંતિભાઇ નળીયાપરા હોવાનું જણાવાયું હતું. આગ વધુ ફેલાઇ જતાં ફાયર બ્રિગેડના ઉચ્ચ અધિકારીઓએ મેજર કોલ જાહેર કરી વધુ ગાડીને સ્ટેન્ડ ટુ રહેવા સુચના આપી હતી. ફાયર બ્રિગેડના ચાલીસ જેટલા જવાનોએ આગને કાબુમાં લેવા મહેનત આદરી હતી. કુવાડવા પોલીસ, બી-ડિવીઝન પોલીસનો કાફલો પણ પહોંચી ગયો હતો અને આગ લાગી હતી તે વિસ્તારને કોર્ડન કરી લીધો હતો. આસપાસના કારખાનાઓમાંથી મજૂરો, કર્મચારીઓ, ઓરડીઓમાં રહેતાં મજૂરો સલામત રીતે નીકળી ગયા હતાં. ફાયર બ્રિગેડની ત્વરીત કામગીરીને કારણે આગ બાજુના કારખાનાઓમાં ફેલાતી અટકી હતી. આગ કેમિકલ બનાવતી ફેક્ટરીમાં પહેલા માળેથી શરૂ થઇ હતી. જે અંતે બપોરે બે વાગ્યા આસપાસ કાબુમાં આવી જતાં સૌએ રાહત અનુભવી હતી. આગમાં મોટી નુકસાની થયાનું જણાવાયું હતું. આગ લાગી ત્યારે ફેક્ટરીમાંથી બહાર આવેલા વિજય નાગજીભાઇ નામના કર્મચારીએ કહ્યું હતું કે ગેસ ગરમ થતાં અને કેમિકલ ઢોળાતા આગ લાગી હતી. મેં અગ્નિશામન સાધનથી આગને કાબુમાં લેવા પ્રયાસ કર્યો હતો. પરંતુ શક્ય ન બનતાં હું બહાર આવી ગયો હતો. ફેક્ટરીમાં બીજુ કોઇ હાજર નહોતું. ફાયર બ્રિગેડના અધિકારીઓની રાહબરીમાં પચાસ જેટલા કર્મચારીઓએ આગને મહામહેનતે કાબુમાં લીધી હતી.

ફેક્ટરી માલિક દીપકભાઇએ હાલ નુકસાની કેટલી છે? તે અંગે અજાણ હોવાનું કહ્યું હતું. ફાયર બ્રિગેડના અધિકારીઓ, પોલીસ અને એફએસએલ સાથે મળી આગનું કારણ જાણવા તપાસ કરશે. આગની ઘટનાને પગલે હાઇવે પર સતત સાયરન ગુંજી ઉઠ્યા હતાં. દૂર દૂર સુધી ધુમાડા દેખાતા હતાં. તાજેતરમાં જ રાજકોટમાં એક પછી એક આગની ઘટનાઓ વધી ચુકી છે. જેમાં આ વધુ એક બનાવનો ઉમેરો થયો હતો. આગની ઘટનાને પગલે તંત્રવાહકોમાં દોડધામ મચી ગઇ હતી.






# SGSTમાં ૧૯૩૦ કેસો પેન્ડિંગ

## જૂજ લોકોએ લીધો યોજનાનો લાભ

### વ્યાજ અને દંડ માફી સહિતની સ્કીમની મુદતમાં વધારો કરવા કરાઈ રજૂઆત

રાજકોટ, તા. ૧

કેન્દ્ર સરકાર અને રાજય સરકાર જે રીતે કર આવક માટે જે વસુલાત કરવા માટે જે મહેનત કરી રહ્યા છે તેવી જ રીતે કરદાતાઓને લાભ મળી રહે તે માટે ઘણી ખરી સ્કીમ પણ અમલમાં મૂકવામાં આવી ત્યારે વ્યાજ અને દંડ માફી સહિતની સ્કીમ ૩૧ માર્ચના રોજ પૂર્ણ થઈ જતા એક ચોકાવનારી વિગત સામે આવી છે જેમાં અનેક લોકોએ હજુ આ સ્કીમનો લાભ લીધો નથી. રાજયના ઘર આવકના આંકડા અને જે કરવ્યવસ્થા છે તે મુજબ જે વિગતો બહાર આવી તે અત્યંત ચોંકાવનારી છે. મળતી માહિતી મુજબ રાજકોટ જીએસટી વિભાગ ૧૦ ના સૂત્રો દ્વારા જે વિગતો મળી તેમાં કુલ ૨૫૦૦ થી વધુ ભરણાનાં કેસો હતા. જે પૈકી ૯૫૮ વેપારીઓએ એમ્નેસ્ટી સ્કિમનો લાભ લીધો હતો. એટલે કે ૩૩ ટકા જેટલા જ વેપારીઓએ સ્કિમનો લાભ લીધો. જીએસટી વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ રાજકોટ વિભાગના ૯૫૮ વેપારીઓએ કુલ રૂા.૨૧.૦૧ કરોડનું ભરણુ કરી અને વ્યાજ દંડની રકમ બચાવી હતી.

છેલ્લા ઘણા સમયથી પેન્ડિંગ કેસોની સંખ્યામાં ઉતરોતર વધારો નોંધાયો છે એટલું નહીં હાલ જે આંકડો સામે આવ્યો તેમાં પેડેન્સી નો આંકડો પણ વધુ હોવાનું જાણવા મળ્યું છે. મળતી માહિતી મુજબ કોલ ૧૯૩૦ જેટલા કેસ હજુ પણ પેન્ડિંગ થઈ ગયા છે કારણ કે આ કેસ પૈકી ૧૭૦૦ જેટલા કેસમાં હાલ અપીલ ચાલી રહી છે.

આ અંગે જીએસટી સાથે સંકળાયેલા વ્યાપારીઓ અને કન્સલ્ટન્ટ નું માનવું છે કે વેપારીઓને જે સ્કીમ નો લાભ આપવામાં આવી રહ્યો છે તે સ્કીમની મુદતમાં વધારો કરવામાં આવે.

ઉલ્લેખનીય છે કે જીએસટી માટે સરકારની વેરો ભરો તો વ્યાજ દંડની માફી યોજના હતી. ૧૭-૧૮, ૧૮-૧૯, ૧૯-૨૦ના ફાઈનાન્સિયલ વર્ષ માટે સેકસન ૭૩ નીચે થયેલ આદેશો માટેનો લાભ આ યોજનામાં હતો. જે કોઈ વેપારી તે વર્ષ દરમિયાન થયેલ ભૂલમાં વેરો ભરી આપે તો જીએસટી દ્વારા વ્યાજ અને દંડની માફી અપાતી હતી. થયેલ આદેશ સામે અથવા કરેલી અપીલ સામે આ યોજના લાભ મળતો હતો. તારીખ ૩૧ માર્ચ સુધીમાં સો ટકા વેરો ભરી અને આ સ્કીમની યોજનામાં એપ્લીકેશન કરવાની તક મળી. કરેલ એપ્લિકેશનની ચકાસણી બાદ ત્રણ મહિનાની અંદર એટલે કે ૩૦ જૂન પહેલા અધિકાર દ્વારા આ યોજનાનો આદેશ કરવાનો રહેશે. મહત્વનું એ છે કે જ્યારે કેન્દ્ર સરકાર દ્વારા આવકવેરા વિભાગ અને જીએસટી માટે જે સ્કીમ નો લાભ મૂકવામાં આવ્યો હતો તેને જે પ્રતિસાદ મળવો જોઈએ તે મળી શક્યો નથી ત્યારે આવનારા દિવસોમાં આ સ્કીમ માટે વધુને વધુ લોકો જાગ્રત થાય તે માટે હાલ સરકાર આ તમામ સ્કીમ માટે જાગૃતતા કેળવવા માટેના પ્રયાસો કરી રહી છે પરંતુ ગત વર્ષે જે યોજના લાગુ કરવામાં આવી હતી તેનો લાભ જૂજ લોકોએ જ લેતા આ સ્કીમ માટે જાગૃતતા કેળવવાની રજૂઆત કરવામાં આવી છે ત્યારે જોવાનું એ રહ્યું કે રાજ્ય કરવેરા વિભાગ એટલે કે જીએસટી આ અંગે કયા પ્રકારના પગલા લે છે.

તજજ્ઞોના જણાવ્યા અનુસાર હાલ જે પેન્ડેન્સી સ્ટેજ જીએસટી વિભાગમાં જોવા મળી રહી છે તેનો ઝડપભેર નિકાલ કરવામાં આવે તે ખૂબ જરૂરી છે કારણ કે અપીલમાં ૧૭૦૦ જેટલા કહેશો પેન્ડિંગ છે અને હજુ જીએસટી અપિલેટરી જન્માષ્ટમી પૂર્વે શરૂ થાય તેવું હાલ અનુમાન લગાવવામાં આવી રહ્યું છે જેથી તે વાત તો સ્પષ્ટ છે કે જો આ અંગે ઝડપ નિર્ણય લેવામાં ન આવ્યો તો કેસોના પેન્ડેન્સીમાં ઉતરોતર વધારો થઈ શકે છે.

# મનોવિજ્ઞાન ભવન અને વિરાણી સાયન્સ કોલેજ વચ્ચે MOU

## કોલેજના વિદ્યાર્થીઓની માનસિક સ્થિતિ મજબૂત બને તે માટે આ કરાર બનશે આશીર્વાદરૂપ



રાજકોટ, તા. ૧

વિજ્ઞાન ભૌતિક સગવડતા અને વિકાસ માટે છે તો મનોવિજ્ઞાન માણસના સર્વાંગી વિકાસ માટે છે. આમ વિજ્ઞાન અને મનોવિજ્ઞાન બન્ને ભેગા થઈ કાર્ય કરશે તો સમાજનો સર્વાંગી વિકાસ થશે. એટલું જ નહીં આજના સમયની પ્રથમ માંગ પણ એ છે કે લોકો માનસિક રીતે સ્વસ્થ રહે અને મનોવિજ્ઞાન ભવન સાથે જ્યારે વિરાણી સાયન્સ કોલેજ દ્વારા સમજૂતી કરારો કરવામાં આવ્યા છે તેનાથી કોલેજના વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યમાં ઘણો ફાયદો થશે તેવું વિરાણ સાયન્સ કોલેજના પ્રિન્સિપાલે જણાવ્યું હતું. માળખાગત અને વ્યાવસાયિક કાઉન્સેલિંગ સેવાઓની જરૂરિયાતને ઓળખીને, બંને સંસ્થાઓ સહયોગી પહેલ દ્વારા માનસિક સુખાકારી, ભાવનાત્મક સ્થિતિસ્થાપકતા અને શૈક્ષણિક સફળતાને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે. આ ખઘઞ વિદ્યાર્થી-કેન્દ્રિત સમર્થન માટે સહિયારી પ્રતિબદ્ધતા સુનિશ્ચિત કરે છે.

### MOUના મુખ્ય પરિબળો

માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ અને માનસિક સુખાકારીને પ્રોત્સાહન આપવું.

વ્યક્તિગત અને જૂથ કાઉન્સેલિંગ દ્વારા સહાયો પૂરી પાડવી.

ફેકલ્ટી અને સંસ્થાકીય સહયોગને પ્રોત્સાહન આપવું.

વિદ્યાર્થીઓને ભાવનાત્મક અને માનસિક તાણ અને નિયંત્રિત કરવામાં મદદ કરવી જેથી શૈક્ષણિક કામગીરીમાં સુધારો થઈ શકે.

માનસિક સ્વાસ્થ્ય કટોકટી નો સામનો કરી રહેલા વિદ્યાર્થીઓ માટે સમયસર સમર્થન આપવું.

### MOU દ્વારા પૂરી પાડવામાં આવતી સહાય

વિદ્યાર્થીઓ, સ્ટાફ અને વાલીઓ માટે વ્યક્તિગત અને જૂથ કાઉન્સેલિંગ.

વર્કશોપ અને સેમિનાર દ્વારા માનસિક સ્વાસ્થ્ય જાગૃતિના કાર્યક્રમો.

પોસ્ટર પ્રદર્શન અને વ્યાખ્યાનો જેવી ઈન્ટરેક્ટિવ પદ્ધતિઓનો ઉપયોગ કરીને માનસિક તાલીમ.

### ત્રણ વર્ષના સમયગાળામાં બંને સંસ્થાઓ દ્વારા કરવામાં આવનાર કામોની યાદી

માનસિક સ્વાસ્થ્ય અને માનસિક જાગૃતિ કાર્યક્રમો.

વિદ્યાર્થી, માતા પિતા અને ફેકલ્ટી સાથેની મીટીંગો યોજવામાં આવશે.

વિદ્યાર્થીઓના પ્રગતિ અને અસરનું મૂલ્યાંકન કરવા માટે વાર્ષિક સમીક્ષા બેઠકો યોજવામાં આવશે.

### MOU થકી થનારા ફાયદાઓ

૧) બંન્ને સંસ્થાના વિકાસ તેમજ વિદ્યાર્થીઓના વિકાસ અને પ્રગતિ માટે નવા દ્વાર ખુલશે.
૨) જયાં વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ ફાયદાઓ મળી રહેશે.
૩) શાળા લેવલ થી જ માનસિક જાગૃતિ લાવવાથી સમાજમાં પરિવર્તનની શરૂઆત થશે.
૪)વિદ્યાર્થીઓમાં જાગૃતિ આવશે તો તેના ફાયદા લાંબા ગાળા સુધી જોવા મળી શકે છે.
૫) વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસની તકો વધી જશે.
૬) વિદ્યાર્થીઓને થતી કોઈપણ મુશ્કેલીઓને આપણે જળમૂળથી પરિવર્તન લાવવાના કે સુધાર લાવવાના પ્રયત્નો કરી શકીશું.
૭) એક સ્વસ્થ માનસ જ સ્વસ્થ સમાજનું નિર્માણ કરી શકે છે.
૮)સમાજમાં વધતા આત્મહત્યાના બનાવોને ઘટાડવામાં મદદરૂપ થઈ શકે છે.
૯) ક્યારેક બાળક માટે માતા પિતા કરતા ઘણીવાર શિક્ષકો કહે એ સરળતાથી વિદ્યાર્થીઓ માની લેતા હોય છે તો આ બાબતને આપણે યોગ્ય દિશા આપી શકીશું.
૧૦) સામાજીકરણ ની પ્રક્રિયામાં શાળા એ ઘણું અગત્યનું માધ્યમ છે તો શાળા સાથેના આ સહિયારા પ્રયત્નથી આપણે બાળકને નિષેધક દિશાથી પાછા વાળવાના પ્રયત્ન કરી શકીશું.
૧૧) બાળકના માનસિક, ભાવનાત્મક, આવેગિક વિકાસ પર યોગ્ય ધ્યાન આપી શકીશું.
૧૨) પેરેન્ટ્સ ટીચર મીટીંગમાં વાલીઓને પણ યોગ્ય સલાહ મળી શકશે.

# બોર્ડ પરીક્ષામાં ચોરી કરનાર આઠ વિદ્યાર્થીઓનું આજે હિયરિંગ

## CCTV ફૂટેજની ચકાસણી દરમિયાન આવી હતી ગેરરીતિઓ સામે

રાજકોટ, તા. ૧

બોર્ડ પરીક્ષામાં ચોરીના એક નહીં અનેક કિસ્સાઓ સામે આવતા હોય છે ત્યારે રાજકોટ જિલ્લાની જો વાત કરવામાં આવે તો શહેર અને જિલ્લામાં કુલ આઠ જેટલા શંકાસ્પદ વિદ્યાર્થીઓ ચોરી કરતા પકડાયા હતા અને તેઓના સીસીટીવી ફૂટેજ ની ચકાસણી દરમિયાન તેઓની ગેરરીતિઓ સામે આવી હતી જે અંગે હવે વિદ્યાર્થીઓનું યરિંગ આજે જિલ્લા માધ્યમિક શિક્ષણાધિકારી કચેરી ખાતે કરવામાં આવશે જેમાં ઈન્ચાર્જ જિલ્લા-માધ્યમિક શિક્ષણાધિકારી કિરીટસિંહ પરમાર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના આચાર્ય સહિતના અધિકારીઓની કમીટી દ્વારા આ વિદ્યાર્થીઓના નિવેદનો લેવામાં આવેલ હતાં. આ હિયરીંગ બાદ જિલ્લા માધ્યમિક શિક્ષણાધિકારી કચેરી દ્વારા હવે શિક્ષણબોર્ડને રિપોર્ટ કરવામાં આવનાર છે. અહીં એ ઉલ્લેખનીય છે કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તા.૨૭ ફેબ્રુઆરીથી તા.૧૩ માર્ચ દરમિયાન ધો.૧૦ અને ૧૨ની પરીક્ષા રાજકોટ શહેર-જિલ્લામાં ૬૫ કેન્દ્રોના ૩૦૮ સીસીટીવી કેમેરાથી સજ્જ બિલ્ડીંગો અને ૨૭૫૩ બ્લોકમાં લેવામાં આવી હતી. જિલ્લાના આ પરીક્ષા કેન્દ્રોના ૪૫૦૦ જેટલી સીડીના સીસીટીવી ફુટેજની ચકાસણી માટે શિક્ષકોને કામે લગાડાયેલ હતાં. પરીક્ષા કેન્દ્રોના સીસીટીવી ફુટેજની આ ચકાસણીમાં ચોરી-ગેરરીતિના આઠ જેટલા શંકાસ્પદ વિદ્યાર્થીઓ ઝડપાયા હતાં. જેઓના હિયરીંગ ગઈકાલે પૂર્ણ કરી દેવામાં આવેલ છે. અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટ શહેર-જિલ્લામાં બોર્ડની પરીક્ષા દરમિયાન એકપણ કોપીકેસ નોંધાયેલ ન હતો.



જો કે સીસીટીવી ફુટેજમાં ચોરી કરતા આઠ વિદ્યાર્થીઓ મળી આવેલ હતા. ઈન્ચાર્જ જિલ્લા શિક્ષણાધિકારી કિરીટસિંહ પરમારે આ અંગે જણાવ્યું હતું કે સીસીટીવી ફુટેજની ચકાસણીમાં ચોરી-ગેરરીતી કરતા ઝડપાયેલા આ સાતેય વિદ્યાર્થીઓના હિયરીંગ પૂર્ણ કરી શિક્ષણબોર્ડને રિપોર્ટ કરાશે.